# બુદ્ધિપ્રભા

ફક્ત સભ્યો માટે




વંદન હો ! કર્મયોગી વિશ્વવિરલ દિવ્ય વિભુતિને !...

પૂજ્યપાદ શાસન પ્રભાવક શાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી તથા પૂ. પંન્યાસ પ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્યનાં પરમ કૃપાદિપાવન સાનિધ્યતાએ પુનઃ પ્રગટતા પામેલ

પ્રેરક : સાહિત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી
તંત્રીઓ: પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી
પ્રકાશક: શાહ હીંમતલાલ છોટાલાલ
ત્રણ દરવાજા, ખંભાત.



ઉપપ્રમુખ: શેઠ હીરાલાલ સોમચંદ



પ્રેરક: સાહિત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી



તંત્રી: પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી



તંત્રી: શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

# બુદ્ધિપ્રભા (માસિક)

તંત્રીઓ : પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

વર્ષ ૧ લું ]                પ્રેરક: સાહીત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી                [ અંક ૧ લો


# શ્રી સદ્ગુરૂ મંગલાષ્ટક

[ આશા રાગ ]

ગિરૂઆ ગુરૂવરની બલિહારી, વંદન વાર હજારી......ગિરૂઆ

પરમ પવિત્ર સમુજ્વલ જ્ઞાની, પંચમહાવ્રત ધારી,
પૂર્ણ સ્વપર જ્ઞાતા હિતકારી, નિજાત્મ ગગન વિહારી.......ગિરૂઆ

દિવ્ય આત્મબળ સ્યાદ્ વાદની, શૈલીના અનુસારી,
અદ્ભૂત સાધુ કર્મયોગી મહામસ્ત વિરલ અવતારી... ...ગિરૂઆ

જ્ઞાતા દ્રષ્ટા કર્મ નાટકના, આંખલડી અવિકારી,
સૂત્રધાર સંયમ શાળાના, રસ સંવેગ વિહારી... ...ગિરૂઆ

દિવ્ય દિવાકર જ્ઞાન ધ્યાનના, કર્મયોગી મહાભારી,
યોગનિષ્ઠ અવિરલ મસ્તીના, અનહદ આનંદધારી.... ...ગિરૂઆ

અનંત ગુણધારક ગુરૂદેવા, ગુણપર્યાય વિચારી,
નય નિક્ષેપ પ્રમાણુ પક્ષ, ગુણસ્થાનક ગુણના સારી.......ગિરૂઆ

ભારત ગગન અનેક તારલા, ચંદ્રસમો વડ ભારી,
બુદ્ધિ મહાબળ જ્ઞાન પ્રકાશે, ઉજ્જવળ આલમ સારી.... ...ગિરૂઆ

સકલ સંઘ શિષ્યો ભક્તોને, વિશ્વને મંગલકારી,
અમર ધામથી મંગલ દ્રષ્ટિ, કરશો દેવ તમારી... ...ગિરૂઆ

સૂરિસમ્રાટ તપાગચ્છ મેરૂ, યોગી સમર્થ અપારી,
બુદ્ધિસાગર સદ્ગુરૂ દેવા લ્યો મણિ નમન સ્વીકારી.... ...ગિરૂઆ

પાદરાકર.

# અનુક્રમણિકા


| | | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | કાવ્ય... | ...પાદરાકર | ૧ |
| ૨ | તંત્રીલેખ... | ...તંત્રીઓ | ૩ |
| ૩ | ક્રાન્તદર્શન | ...રામકુમાર યાજ્ઞિક | ૫ |
| ૪ | જૈનદર્શનમાં કર્મની પ્રધાનતા... | ...પ.પૂ આચાર્યશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી | ૯ |
| ૫ | સુવર્ણ પરિમલ પુષ્પવાટિકા... | ...સં. પ. પૂ મુનિશ્રી દુર્લભસાગરજી | ૧૦ |
| ૬ | બુદ્ધિપ્રભા જયવંત હો ( કાવ્ય )... | ...પૂ સાધ્વીજી કીર્તિલતાશ્રીજી | ૧૦ |
| ૭ | મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય... | ...પંડિત વશિષ્ઠજી યાજ્ઞિક | ૧૧ |
| ૮ | બુદ્ધિપ્રભા પ્રસરો ( કાવ્ય ) ... | ...પૂ સાધ્વીજી સદ્કીર્તિલતાશ્રીજી | ૧૩ |
| ૯ | આગમવાણી | ...પ.પૂ પન્યાસશ્રી મહોદયસાગરજી ગણિવર્ય | ૧૪ |
| ૧૦ | શિયળનો આદર્શ ( વાર્તા )... | ...સાહિત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી | ૧૫ |
| ૧૧ | કર્મયોગી મહાત્માઓ | ...મણીલાલ હા. ઉદાણી M. A. LL. B. | ૧૮ |
| ૧૨ | કોણ શું સંદેશો આપે છે? | ...સં. પ. પૂ. મુનિશ્રી અશોકસાગરજી | ૧૯ |
| ૧૩ | શાશ્વત સુખનો ધોરીમાર્ગ... | ...પ. પૂ. મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી | ૨૦ |
| ૧૪ | આરોગ્ય અને ધર્મ... | ...ડો. ભોગીલાલ ગાંધી | ૨૩ |
| ૧૫ | શાસન સમાચાર... | —— | ૨૪ |


બુદ્ધિપ્રભાના તંત્રીઓ જોગ. તમારો પત્ર ઉપલબ્ધ થયો વાંચી આનંદ અનુભવ્યો શ્રીમાન પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી બુદ્ધિસાગર સુરીશ્વરજીના સંસ્મરણ માટે જે તમો પ્રયત્ન કરી બુદ્ધિપ્રભાને નૂતન પ્રાણ આપવા યોજના કરેલ છે તે ખરેખર પ્રસંશનીય છે. ભારતભરમાં જૈન સમાજમાં તમારૂં માસિક સમ્યક્‌જ્ઞાનને પ્રગટાવનારૂં થાય એવી અમારી શુભાશિષ છે. બુદ્ધિપ્રભાનો આત્મા ચિરંજીવ બનો. એના માટે અમો યથાશક્ય પ્રયત્ન કરીશું.

એજ લી. **આચાર્ય ઋદ્ધિસાગર સુરિના ધર્મલાભ**

તમોશ્રી બુદ્ધિપ્રભા માસિકનો પુનરોદ્ધાર કરવા માટે જે હૈયાના હેત પૂર્વક પ્રયાસ કરી રહેલ છો તેથી અમો ઘણાં ખૂશી થએલ છીએ. આ માસિકમા આવેલ લેખો વાંચી આત્મિક વિકાસ સધાશે એમ અમારી શુભ ભાવના છે અને આ માસિક અમર બનો એજ અભિલાષા.

લી. **આચાર્ય કીર્તિસાગરસૂરિજી**

તંત્રીશ્રી બુદ્ધિપ્રભા, ધર્મલાભ સાથે જણાવવાનું કે 'બુદ્ધિપ્રભા' પુનઃ પ્રસિદ્ધ થાય છે, તેમ તમારા પત્રથી જાણીને આનંદ થયો છે. આપનું માસિક પત્ર દેવ-ગુરૂ અને ધર્મને સંપૂર્ણ વફાદાર રહીને, પ્રભુના શાસન ઉપર સ્વ કે પર પક્ષ તરફથી થતા આક્રમણને દૂર કરી જૈન શાસનને દિપાવે એ જ અભ્યર્થના.

લી. **ગણિશ્રી હંસસાગરજી**

તંત્રીશ્રી બુધ્ધિપ્રભા કાર્યાલય યોગ્ય. આપના તરફથી આવેલ પત્ર મળ્યો વાંચી આનંદ થયો છે પૂજ્ય આચાર્ય ભગવાન શ્રી કીર્તિસાગરજી સરીશ્વરજી આદિ મુનિ પુંગવોના ચાતુર્માસથી સારી જાગૃતિ તેમજ ધર્મભાવનાની સારી વૃદ્ધિ થઇ છે તે જાણી અત્યાનંદ થયો છે. સાથે સાથે સ્વર્ગસ્થ પૂજ્ય ગુરૂદેવના સંસ્મરણોથી વિભૂષિત "બુદ્ધિપ્રભા" માસિકને નવજીવન આપવા અને પ્રગટ કરવા જે શ્રમ ઉઠાવ્યો છે તેની અમો પુરેપુરી અનુમોદના કરીએ છીએ. સાથે સાથે આ માસિક દરેક રીતે પ્રગતિમાન થાય તેવું ઇચ્છીએ છીએ. વળી પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજીના આધ્યાત્મિક વિષયનો આદર્શ લક્ષમાં રાખી આ માસિકને યોગ્ય રીતે વિભૂષિત કરી શ્રમણ સંઘને આ માસિક માનનીય થાય એ શુભેચ્છા.

લી. **મુનિ ઇન્દ્રસાગર**ના ધર્મલાભ.

# તંત્રી સ્થાનેથી

દરેક યુગને એની આગવી અસ્મિતા હોય છે એ યુગના માનવીને એની એક લાક્ષણિક પ્રતિભા હોય છે.

આજનો યુગ કર્મપ્રધાન છે. આ યુગનો માનવી કર્મયોગી છે. આજના માનવીને જરાય ફુરસદ નથી એનું જીવન એટલે ધબકતું કામ....! એને જ્યારે જુઓ ત્યારે એ કામમાં રોકાયેલો જ દેખાય છે. અને આ ભારતમાં તો નાનો બાળક પણ સવારથી દોડે છે અને ઘરડો બુઢ્ઢો પણ દોડતો દેખાય છે. આજનો માનવી આંખો મીંચીને કામ પાછળ પડયો છે, જીવન આજ વાસ્તવિકતાની એવી પાતળી ધાર પર ઉભું છે કે માનવી જાણે ગભરાતો ગભરાતો જીવે છે અને સવારથી રાત સુધી જીવનના સુખ અને આનંદ પાછળ એ ભટકે જ જાય છે, પરંતુ એનું હૈયું ભાગ્યેજ પોકારીને કહે છે– સંતોષ છે મને આજના જીવનથી અને હજારો ચિંતાની ઘટમાળમાં એ એનું જીવન ક્યારે સમેટી લે છે એની પણ કોઈને ખબર નથી પડતી.

અને હા, આજ માનવીના હૈયામાં એક ભૂખ જરૂર જાગી છે. એના જીવનનો થાક ઉતારે એવા ખોરાકની (માનસિક) એને ભૂખ લાગી છે, જીવનના સંઘર્ષને હળવા કરવા એ દિવસની રાત કરી નાખે છે. થાકયો પાકયો એ પથારીમાં પડે છે, પરંતુ જીંદગીની નક્કર વાસ્તવિકતા એના સામે ડોળા કાઢી ભયંકર રીતે ઘૂરકી રહે છે, અને એની ઊંઘ પણ હરામ બની રહે છે ત્યારે એનો આત્મા એવા કંઈક માટે ઝંખે છે, જે એને સ્વસ્થતાથી જીવતા શીખવે એના થાકેલા હૈયાને હુંફ આપે, કંટાળેલી જિંદગીને જીવવાની પ્રેરણા બક્ષે....

અને જીવનની કદરૂપી નગ્નતા ભૂલવા આજનો માનવી વાચન તરફ ઢળે છે, એને સંતોનું શ્રવણ કરવાની ફુરસદ નથી, એમના સંગમાં રહેવાનો એને સમય નથી, એને થોડો જે સમય સૂતાં પહેલાં મળે છે, એમાં એ જીવનનું પાથેય બાંધવા માગે છે.

આજ યુગ બદલાઈ ગયો છે. દુનિયા જે પહેલાં દુર હતી તે આજ નજદીક આવતી જાય છે, અને હવે તો માનવીએ ગ્રહોની દુનિયા પણ ગુંદવા માંડી છે. અને દૂર દેશમાં બનતા બનાવોથી બીજા દેશના માનવીના જીવનમાં પડઘો આવી જાય છે.

અને એ સુભગ નિશાની છે કે આજનો માનવી માત્ર બાહ્ય જીવનથી કંટાળી ગયો છે એને એનો થાક લાગ્યો છે એને હવે એનું પોતાનું જીવન જોઈએ છે એના અંતરની દુનિયામાં હવે એને રહેવું છે. એ ઇચ્છે છે કે ત્યાં કોઈ સંઘર્ષ ન હોય, કોઈ અથડામણ ન હોય, જીવન પર કોઈ ભાર ન હોય, બોજ ન હોય, જીવન ખુબ હળવેથી જીવી જવાય હસતા હસતા જીવી જવાય, જીવન ઘણીજ સરળતાથી અને આનંદથી જીવી જવાય એવું એ ઇચ્છે છે.

અને આવું ઉલ્લાસમય જીવન જીવવા માટે એની પાસે માત્ર રાત્રીની જ પળો છે. સવારે જમીને એ કામ પર જાય છે ત્યારે

ઘરથી ઓફીસ કે પેઢી પર જવા માટે બસમાં એનો સમય ખર્ચે છે. એ એની મુક્તપળો હોય છે. બીજો સમય એને રાતે સુતાં પહેલાં મળે છે, પણ એમાય એને નિરાંત નથી હોતી.

અને આવા જ ફાજલ સમયમાં માનવી એના જીવનનું ભાગ્ય બાંધી શકે છે.

આ છે આજના માનવીનું નગ્ન ચિત્ર એ રઘવાયો રઘવાયો જીવે છે. સિઝાતા અંતરે એ જીંદગીના દિવસો ગણે છે.

....અને 'બુદ્ધિપ્રભા' થી અમારે માનવીને સ્થિર કરવો છે....એના સીઝાતા અંતરને શાતા આપવી છે.

ધર્મ શબ્દથી આજનો માનવી દરેક યુગ કરતાં વધુ મુંઝવાયો છે, એના પ્રત્યે આજ એને ભયંકર સૂગ છે માનવીને રૂઢિગત ધર્મ શબ્દ નથી જોઈતો. એને ધર્મ જેવું કંઈક જોઈએ છે. આજ માનવીનુ માનસ તપાસતાં જણાય છે, હવે એને જુના કલેવરો નથી જોઈતા નવીનતામાં એને આનંદ આવે છે.

અને 'બુદ્ધિપ્રભા' જૈનત્વને જૈન સિદ્ધાંતના આત્માને જીવતો રાખી એના દેહને નવા ઢંગથી શણગારવા માગે છે. આમાં પાપ છે, તેમાં પાપ છે, એમ 'પાપ પાપ' સાંભળી હવે એના કાન અકળાઈ ગયા છે. હવે એ પાપની નવી ફિલસુફી સાંભળવા માગે છે.

જડત્વના સેવનમાં પુણ્ય રહ્યું છે એ સાંભળી હવે એ ધરાઇ ગયો છે એને હવે એ ચેતનમાં પુણ્ય જોવું છે. ચેતનાના શબ્દો હવે એને સાંભળવા છે.

અને 'બુદ્ધિપ્રભા' એવા ચૈતન્યની વાત કરવા માગે છે.

"બુદ્ધિપ્રભા" નો આત્મા જુનો છે ભૂતકાળમાં પણ રાજનગરથી આ પત્ર પ્રગટ થતું હતું. પરંતુ સંયોગવસાત એ કેટલાક સમય પછી બંધ પડયું, ફરી આજ એનો પ્રાણ સજીવન થાય છે.

અમે ઇચ્છીએ છીએ "બુદ્ધિપ્રભા" દરેકને જ્ઞાન આપે, એના અંધકાર ભર્યા જીવનમાં જ્ઞાનની તેજરેખા પ્રગટાવી પ્રકાશ પાથરે. દુન્યવી જીવન જીવતાં પણ સાથે આત્મિક જીવન જીવતાં પણ સંભાળે, માનવીના માંહ્યલો આતમ જાગે અને આજનું ગંદુ ને ગંધાતુ જીવન છોડીને એ સાદુ ને સ્વચ્છ ચારિત્ર્યશીલ અને પવિત્ર જીવન ગાળે.

વીસ પાનાની આ દુનિયામાં અમે એવો સંસાર સર્જવા માગીએ છીએ કે એક એક પાનું જીવનને મંગલમય અને કલ્યાણમય બનાવે. આપણી જૈન સંસ્કૃતિ તેમજ એના પ્રાચીન ને અર્વાચીન સાહિત્યને સૌન્દર્યથી શણગારવા માગીએ છીએ. એ સૌન્દર્યને એ શણગારને અમે સત્યથી રૂપાળું કરવા માગીએ છીએ, અને એ સત્ય ને સૌન્દર્ય માનવજીવનને કલ્યાણમય બને એવી ભાવના સેવીએ છીએ.

અમે આશા રાખીએ છીએ અમારી ઉમદા ભાવનાઓને "બુદ્ધિપ્રભા" નો વાંચક વર્ગ વધાવશે.

" શ્રી ૧૦૮ ગ્રન્થ પ્રણેતા વિશ્વ વિરલ દિવ્ય વિભૂતિ "

## સ્વ. યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર કર્મયોગી શાસ્ત્રવિશારદ પૂજ્યપાદ જૈનાચાર્ય

# શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજનું

# ક્રાન્ત દર્શન

: લેખક :
રામકુમાર યાજ્ઞિક હળવદકર

આર્યાવર્તને આરે, પોતાની નવ નવોન્મેષ શાલિની પ્રતિભાને એજ સહસ્ત્ર કિરણી આભા ઉતારનાર, પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ એટલે. જૈન સમાજનું નહીં, પણ સમસ્ત ગુજરાતનું ગૌરવ ગણી શકાય. પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ એટલે શ્રુત નિશ્રિત મતિજ્ઞાતની સાકાર પ્રતિમા અને ક્રાન્ત દર્શનનાં પ્રકાંડ પંડિત. કર્મયોગ જેવા અષ્ટોત્તરશત. (૧૦૮) ગ્રન્થ રત્નોનાં સબળ સર્જક. અષ્ટાંગ યોગનાં સાધક. અને પ્રભાવશાલી વક્તા. ઉપદેશક આવું વિવિધલક્ષી. પાંડિત્ય કદાચ ગુજરાતે જોયું હશે આટલી સર્જન શક્તિ એણે પ્રીછી હશે. પણ પૂજ્યશ્રીનું સાહિત્યજ મહાન નહોતું એમનું શ્રમણ જીવન તો એથીએ. અધિક મહાન હતું.

જીવન તરફ જોવાની એમની. દ્રષ્ટિ જૈનત્વનાં સાચા સંસ્કારોથી પરિમાર્જિત હતાં. એમની પોતાનીજ કહેવાય એવી આગવી અને લાક્ષણિક હતી. જીવનનાં સમગ્ર પાસાઓનો વિચાર કરતી એમની શાસ્ત્રીય વિવિધ વિષય ગામિની બુદ્ધિએ. જીવનનું સમગ્ર સ્વસ્થ અને અશેષ દર્શન કરવાનો પ્રયત્ન કર્યો, જીવન સંગ્રામના સાતત્ય માટે, આત્મસિદ્ધિના આદર્શનીય વારાણસીએ પહોંચવા માટે જ્ઞાન અને ક્રિયાના સમન્વયની અનિવાર્યતા ( **ज्ञान क्रियाभ्यां मोक्षः** ) એ પ્રજ્ઞ પુરૂષે પારખી, જ્ઞાન, અને ક્રિયાના, વિચાર. અને આચારનાં એ. અદ્ભુત મંગળ. સામંજસ્યમાંથી એમને સાંપડી સેંકડો એકાદને પ્રાપ્ત થતી. " ક્રાન્ત દ્રષ્ટિ " પછી તો પૂ. આચાર્યશ્રીની વાણીમાં જિનાગમની. ઓજસ્વિતા. આવી પૂ. આચાર્યશ્રી એક યુગના ન રહ્યાં, એ તો ભૂતકાળ વર્તમાન, અને ભવિષ્યનાં બન્યા, એમની જીવન. સાધનાએ એમને ઉર્ધ્વપન્થ યાત્રિક બનાવ્યા. તેઓશ્રીને સામાન્ય માણસ ન સમજી શકે, ન કલ્પી શકે. એવી શક્તિઓ. ( લબ્ધિઓ ) વરી. અને કાળના અભેદ્ય ગણાતા પડદા વીંધતી એમની દ્રષ્ટિ યુગોને પાર કરતી ભવિષ્યને જોવા શકિત મંત બની પૂ. આચાર્યશ્રીની દીર્ઘ કાળની એક નિષ્ઠા પૂર્વકની ઉપાસનાનો એ જ્વલંત વિજય હતો.

તેઓશ્રીની ક્રાન્ત દર્શનની આ શક્તિની પિછાન એમની કેટલીએ રચનાઓમાં થાય છે પણ કોઈનેય સહેજે યાદ આવે, એ તો એમનું ભવિષ્યવાણી અંગેનું પેલું પદજ.

( ઉધૃત શ્રીમદ્ રચિત ભજન પદ સંગ્રહ ભાગ ૮ મો: પૃષ્ઠ ૪૯૦ ) શ્રીમદ્‌ની ભવિષ્યવાણી

એક દિન એવો આવશે ! એક દિન એવો આવશે !
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે !
~~સ્વાતંત્ર્ય જગમાં થાવશે~~ એક દિન ૧
સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં શુભ દિવ્ય વાદ્યો વાગશે !
બહુ જ્ઞાનવીરો, કર્મવીરો જાગી અન્ય જગાવશે !
એકદિન ૨
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે !
અગ્રફુર્તી સૌ જીવનાં, શાન્તિ ભલી પ્રસરાવશે !
એકદિન ૩
સહુ દેશમાં, સૌવર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે !
ઉધ્ધાર કરશે, દુખીનો, કરૂણા ઘણી મન લાવશે !
એક દિન ૪

સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણીજ ચલાવશે?
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે?
એકદિન ૫

**રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે?**
સુન્દર કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે?
એકદિન ૬

એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડિમાં આવશે?
ઘરમાં રહ્યાં વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે?
એકદિન ૭

એક ન્યાય સર્વે ખંડમાં સ્વાતંત્ર્યતામાં થાવશે?
બુદ્ધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે?
એકદિન ૮

(પ્રગટ થયું સં. ૧૯૭૦ના આસો સુદી ૧ ને રવીવાર લખાયું સં. ૧૯૬૭ માં.)

પચાસ વર્ષ પછીના વણદીઠયા જમાનાનું આવતા યુગનું કેવળ એંધાણ જ નહિ પણ જે જાગતું શબ્દચિત્ર પૂ. આચાર્યશ્રી એ પદમાં આપે છે અને એ પણ જે વિરલ આત્મશ્રદ્ધાથી અદ્‌ભુત સ્પષ્ટતાથી કશીજ સંદિગ્ધતા કે શંકા આશંકા વિના એ આજના બુદ્ધિવાદીનેય મોંમાં આંગળાં નખાવે તેવું છે.

આજથી પચાસ વર્ષ પહેલાં જગતના મોટા ભાગના દેશો ગુલામીના બંધનોમાં પરતંત્રતાથી પીડાતા હતા, એશિયા અને આફ્રિકા જેવા મોટા ખંડોના લગભગ બધાજ ભાગ પરાધીન મુક્કામલ આઝાદીનું સ્વપ્નુંય એમાંના કેટલાક દેશોએ જોયું નથી. એ વખતે ગૂજરાતના ગામડામાં બેઠો એક નિજાત્મ ધ્યાનમસ્ત યોગી સંપૂર્ણ સ્વસ્થતાથી ઉચ્ચરે છે.

## સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં શુભ દિવ્ય વાદ્યો વાગશે?

આજે એ શબ્દો કેટલા અક્ષરે અક્ષર સાચા પડયા છે. એશિયાનો ખૂણેખૂણો આઝાદીના આતશથી ઉજાતો છે. શું ભારત? કે શું બર્મા? શું પાકીસ્તાન? કે શું સિલોન? શું ઇન્ડોનેશિયા? કે શું મલાયા. અરેજ સ્વાતંત્ર્યના સરોદ ઓછા વત્તા સંભળાય છે. ગઈ કાલ સુધી "આઝાદી કયા ચીજ હૈ?" એ ન સમજનાર આફ્રિકા જેવા ખંડમાંય ઇજીપ્ત, ઘાનાક આઝાદીનો વાવટો ફરકાવી રહ્યા છે. આફ્રીકન દેશોમાં સ્વાતંત્ર્ય માટે અસાધારણ આંદોલનો ઝડપથી ચાલી રહેલ છે અને એનો વિજય અવશ્યં ભાવિજ છે. પૂ. આચાર્યશ્રીની દ્રષ્ટિની ઝીણવટ તો જુઓ?

## બહુ જ્ઞાનવીરો, કર્મવીરો જાગી અન્ય જગાવશે

પૂ. આચાર્યશ્રીનાં આગમ એંધાણ આપતી વાણીમાં પણ ભગવાન વીરનો દિવ્ય સંદેશ "જ્ઞાન અને કર્મ" એક રૂપિયાની બે બાજુ સમાન નગદ વાણી એક દેશ સ્વતંત્ર થતાં અન્યને સ્વતંત્ર કરવા ઉત્સુકત થશે. ભારત સ્વતંત્ર થતાં તુરતજ ઇન્ડોનેશિયાની વ્હારે ધાયુંજ હતું ને?

**અને એથીયે અધિક અદ્‌ભુત છે, એમની રાજનીતિ અંગેનું દર્શન.** વિશ્વરાજ કારણનાં પાણી ડહોળાયેલાં હતાં, રાજકારણના ક્ષેત્રે ઋતુ ઋતુના રંગો પલટાતા થતા, એશિયા કે આફ્રિકાની તો વાતજ કયાં કરવી, યુરોપ જેવા ખંડમાંય "લોકઅવાજ" જેવું બહુ ઝાઝું નહોતું "લોકશાહી" શબ્દને એનું આજનું ગૌરવ પણ નહોતું સાંપડયું. એનો દેહ હજુ ગર્ભાવસ્થામાં ઘડાતો હતો અને જ્યાં લોકશાહીનો જાણે અજાણ્યે પ્રયોગ થતો હતો, ત્યાં પણ એ ડચકા જ ખાતી હતી, ત્યારે અજબ એવી **આત્મ શ્રદ્ધાથી** અને ગેહ **આર્યદ્રષ્ટાની શ્રદ્ધાથી** પૂ. આચાર્યશ્રીના બોલ સરી પડે છે:—

## રાજા સકલ માનવ થશે રાજા ન અન્ય કહાવશે?

આજે તો શું કાશ્મીરના, કે શું તીબેટના, કે શું સાયપ્રસના. બધાજ સવાલોમાં લોકમત એજ આખરી મનાય છે. ગૂજરાતના એક ગામડાનો યોગીજન આજુબાજુ આવેલ કાઠીઆવાડ (સૌરાષ્ટ્ર) અને રાજસ્થાનના કેટલાય રાજ-રજવાડાંની સ્વાતંત્ર્ય

વિરોધી હવા વચ્ચે રહેતા એ યોગીજનના સન્દેશ એને સહસ્ત્ર કોટિ પ્રણામ કરવા આજે આપણ સૌને પ્રેરે છે.

વિજ્ઞાનના વિજય ડંકાના પડઘા એ પ્રજ્ઞાપુરુષ ઝીલે છે. આજથી પચાસ વર્ષ પહેલાં સામાન્ય માણસ જેને હજુ ગઈ કાલે પણ નહોતો કલ્પી શકતો એવી વિજ્ઞાનની સ્તબ્ધકારી પ્રગતિ અને રફતારને આચાર્યશ્રીએ ત્યારે પણ નજર સામેજ જોતા લાગે છે અને મધ્યયુગીન કહેવાય એવા કાસદ અને ખેપીયાના જમાનામાં એ કર્મવીર એની ક્રાન્ત દ્રષ્ટિનાં પ્રતાપે ભાખે છે કે:-

**એક ખંડ બીજા ખંડની**
**ખબરો ઘડીમાં આવશે**
**ઘરમાં રહ્યા વાતો થશે**
**પર ખંડ ઘર સમ થાવશે**

એશિયા યુરોપ અને અમેરિકાને ત્રણુ કલાકે એકજ દિવસમાં પહોંચવાનો કેટલો સ્પષ્ટ ખ્યાલ આ વાણીમાં ઉપસી આવે છે.

આવતા યુગમાં કોઈ એક વ્યક્તિનું, કોઈ એક રાષ્ટ્રનું સાર્વ ભૌમત્વ નહિ હોય, એનું સ્થાન વિજ્ઞાનની વિશ્વોપરિતા લેશે. એનો ઉલ્લેખ પૂ. આચાર્યશ્રી ઔચિત્ય પુરઃ સર કરે છે. વિજ્ઞાનનું સામ્રાજ્ય આજે અસ્તિત્વ ધરાવે છેજ આમાં દેશની શક્તિ અશક્તિનો આધાર એના Scientific and industrial develop mont પરજ છે એનું સૂચન છે કે:—

**એક ન્યાય સર્વ ખંડમાં સ્વાતંત્ર્યતામાં થાવશે**
એ દર્શન પણ યુનોના સાર્વદેશિક નિયમો માટેના પ્રયત્નો અમલમાં આવતાં સાચું પડવાનું જ Inter national low (ઇન્ટર નેશનલ લૉ)

આજેય યુનોનાં અમુક કાયદાઓનાં પાલનમાં. એક ન્યાય પ્રવર્તે છે જ આવી સંસિદ્ધિ શકય તો ખરી. પણ એની સંપ્રાપ્તિ ધારીએ. તેટલી સહેલી નથી. પૂ. આચાર્યશ્રીનાં. આ ક્રાન્ત દર્શનની પાછળ એમની ભાવના હતી. ઉપાસના હતી. પુરુષાર્થ હતો માનસશાસ્ત્ર જેને intution (ઇન્ટુટીન) નામે ઓળખે છે. એ આ સહજ સ્ફુરણા શક્તિ તે જૈન પરિભાષામાં કહેવાતી એક લબ્ધિજ હતી. જ્ઞાન અને ક્રિયાનાં અશ્રુત પૂર્વ સામંજસ્યમાંથી. જીવનનાં ચરમ માંગલ્યમાંથી એ શકિત જન્મી હતી. ગુજરાતે અનેક સંત મહંતો અને યોગીજનો દીઠા છે. પણ આવા દ્રષ્ટા તો વિરલજ હોય છે. એ વિશ્વ વંદ્ય વિરલ દિવ્ય વિભૂતિ અવધૂત યોગીરાજને શત શત પ્રણિપાત કરવાની સ્હેજે ભાવના પ્રગટે, એવી હતી તેઓશ્રીની મેધા. પ્રજ્ઞા, અને પ્રતિભા અને તેઓશ્રીનાં સર્વદર્શન મત સહિષ્ણુતા, ગહન ગ્રન્થો લેખન. વિદ્વતાપૂર્ણ અધ્યાત્મ વૈરાગ્ય રસથી ભરપૂર આત્મોન્નતિનો આત્મ સંદેશ વ્યાખ્યાનોનો પરિમલ ઠેઠ વડોદરા નરેશ વિદ્દ્વર્ય શ્રેષ્ઠ ગુર્જરેશ્વર શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને મુગ્ધ પમાડેલ છે અને તેઓ પણ પૂ. આચાર્યશ્રીનાં દર્શન સંયોગથી હર્ષાન્વિતપણે પાવન ચરણોમાં શિર નમાવી. બોલી ઉઠે છે કે આહા ! જો આવા. થોડા વધુ સંતો ભારતમાં હોય તો દેશોદ્ધારક ઘણોજ નજીક આવે. સાથોસાથ સ્પષ્ટપણે જાહેર કરે છે કે છેલ્લા હજાર વર્ષમાં ગુજરાતે પ્રકટાવેલાં નરરત્નોમાં પૂ. આચાર્યશ્રીનું સ્થાન સર્વોત્તમ શ્રેષ્ઠ છે ગૂજરાત અને જૈનસમાજ પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના પરમ પુરુષાર્થના પ્રતિકરૂપ સાહિત્ય અર્પણ માટે એમનું ઋણી છે અને રહેશે. એમના દિવ્ય જીવનને સમજવાનો એમના આદેશને જીવનમાં ચરિતાર્થ કરવાનો આપણે યથાશકિત પ્રયત્ન કરીશુ તો એ ઋણના ભારમાંથી કાંઈક મુકત થઈશું

તેઓશ્રીના અંગલક્ષણો ચમત્કારિક હતાં કપાળમાં ચંદ્ર કમર સુધી પહોંચતા આજાનબાહુ (હાથ હાથ પગના આંગળામાં અઢાર ચક્ર, વિશાળ બળવાન સવા ૭ મણ વજનનો દેહસ્તંભ, ભવ્ય મુખમુદ્રા, પહાડી અવાજ એક સાચા યોગી તરીકે તેમને વ્યક્ત કરતાં હતાં.

પૂ. આચાર્યશ્રીનું વૈદિક સંસ્કૃતિના પ્રધાન અંગસમુ જૈન દૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ ઉપરનું વક્તવ્ય વાંચનનો સુયોગ સાંપડ્યો, તે સમયથી જ તેઓશ્રીના ચરણ કમળમાં મારું મસ્તક ઢળી પડ્યું હતું. મારી મનોભાવના હતી કે પુ. આચાર્યશ્રીનાં રચિત કાવ્યો કે કોઈ પણ સાહિત્ય પર મારે અવલોકન લખી લેખિનીને કૃતાર્થ કરવી એ ભાવના આજે સ્વલ્પાંશે ફળી છે, એને તે યશ પૂ. મુનિરાજ પ્રવરશ્રી દુર્લભસાગરજી મહારાજને ઘટે છે.

---


# અધ્યાત્મ જ્ઞાનનો અખૂટ ખજાનો

— યાને —

## શાશ્વતાત્માનો અદ્‌ભુત શણગાર ?

પૂજ્યપાદ યોગનિષ્ઠ વિશ્વવિરલ દિવ્ય વિભૂતિ અધ્યાત્મજ્ઞાન દિવાકર
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કૃત
અધ્યાત્મજ્ઞાન રસથી ભરપુર શ્રી કર્મયોગાદિ મહાન
એકસોને આઠ ગ્રન્થો

વાંચો ?... વંચાવો ?... વસાવો ?...

અને અવશ્ય લાભ મેળવો.

# શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

૩૪૭-કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨

★ સહાયક સભ્યો થવાના પ્રકારો ★

રૂ. ૨૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ પ્રથમ વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૧૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ બીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૫૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ ત્રીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૨૫૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો લાઈફ મેમ્બર ગણાશે. તેમજ ઓછી રકમ આપનાર સામાન્ય સભ્ય ગણાશે અને સગવડતાએ ખૂટતી રકમ આપવાથી લાઈફ મેમ્બર બની શકશે.

આ મંડળ તરફથી તમામ પ્રગટ થતા નવા ગ્રંથો પ્રથમ તથા બીજા વર્ગના પેટ્રનોને ૨ ૨ નકલો તેમજ ત્રીજા વર્ગના પેટ્રન તથા લાઈફ મેમ્બરને ૧ ૧ નકલ ભેટ આપવામાં આવશે.

# જૈનદર્શનમાં કર્મની પ્રધાનતા... ...

લેખક : આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી

**कम्मुणाबंभणोहोइ कम्मुणाहोइखत्तिओ वइसोकम्मुणाहोइ सुद्दोहवइकम्मुणा**

ઉત્ત. સૂત્ર. અ. ૨૫

ચરમ તિર્થંકર જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ગૌતમસ્વામીએ એકવાર પ્રશ્ન કર્યો: હે પ્રભો ! આ વિશ્વમાં જે જાતિવાદના ભેદો દષ્ટિગોચર થાય છે તે બરાબર છે ? પ્રભુ વદ્યા: ગૌતમ ! જૈનદર્શનમાં કર્મ પ્રાધાન્ય છે, જાતિ નહીં. આ જીવાત્મા કર્મથી બ્રાહ્મણ-ક્ષત્રીય-વૈશ્ય અને શૂદ્રપણાને પ્રાપ્ત થાય છે. માનવ કર્મથી ચંડાળ બને છે અને કર્મથી બ્રાહ્મણ બને છે. પછી ભલે જાતિથી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય, નામથી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય, તો પણ સદાચારના આધારે ચંડાળ કુળમાં ઉત્પન્ન થયો હોવા છતાં બ્રાહ્મણથી પણ વિશિષ્ટ બની જાય છે અને બ્રાહ્મણ છતાં ચંડાળ જેવા કર્મો કરે તેને કર્મચંડાળ કહેવાય છે. જાતિચંડાળ મોક્ષનો અધિકારી બને છે પરંતુ કર્મચંડાળની મુક્તિ નથી. તમો સારા કુળના સુંદર નામ ધરાવનાર હો છતાં તમારું આચરણ હીન હોય તો અધમ જાતિમાં લાવી મૂકે છે. માટે નામની જાતિની કે કુળની ભાંજગડમાં નહીં પડતાં સુંદર કર્મ કરો જેથી મનુષ્ય જન્મની સાર્થકતા સાધી શકશો. મન, વચન અને કાયામાં દુષ્ટ કર્મોના સંસ્કારોને લગાડો નહિ શુભ સંસ્કારનો સંચય કરો જેથી આ ભવને પરભવમાં મનોહર બનાય અને દુર્ગતિના દુઃખો ભોગવવાનો અવસર મળે નહીં. સુખ-સંપત્તિ સમીપમાં ને સમીપમાંજ રહ્યા કરે. સારી જાતિ મળી સારૂં કુળ પ્રાપ્ત થયું કે સુંદર નામની ગોઠવણ થઇ તેથી મલકાવા જેવું નથી. મદોન્મત્ત બનીને સારા આચારોને વિસરવા જેવા નથી. સારા કર્મ કરીને ખુશી થઇએ તે તો ઠીક છે, નહિતર તે મદોન્મત્તતા મીઠો માર મારીને અકથ્ય યાતનાઓમાં ધકેલી દેશે. માટે આઠ જાતિનો મદ મૂકીને કુળ, જાતિ, રૂપ, ઐશ્વર્ય વગેરેનો સારી રીતે લાભ લો. સારામાં સારો લાભ મળતો હોય ત્યારે આ આઠ મદો વારેવારે ક્ષણેક્ષણે પથ્થરાઓ મારતા હોય છે. તેમાં કષાયરૂપી ધૂલી નાખી મળતા લાભને ધૂળધાણી કરી નાખે અને ખાનાખરાબી કરીને માણસ જેવા માણસને પાગલ બનાવે છે. રાક્ષસ જેવા બનાવીને ચારે ગતિમાં આંખે પાટા બંધાવી ઉન્માર્ગે લઇ જાય છે. માટે પુણ્યોદયે પ્રાપ્ત થયેલી સંપત્તિ-સત્તા-સાહ્યબીનો મદ કરો નહિ અને મદનો ત્યાગ કરીને જન્મને, નામને, જાતિ-કુલાદિકને શોભાવો એટલે સારા કર્મો કરીને આત્મગુણોને વિકસાવી અનામી આનંદઘન બનો. પછી જન્મ-જરા-મૃત્યુના અત્યંત જે સંકટો રહેલા છે તે ટળી જવાના અને સાથે આવતી આધિ-વ્યાધિ-ઉપાધિઓ પણ આપોઆપ ખસી જવાની.

★

# સુવર્ણ પરિમલ પુષ્પવાટિકા

સં.: પરમ પૂજ્ય મુનિશ્રી દુર્લભસાગરજી મહારાજ

૧ એક પૈસાના નફા માટે લાખેનો નુકશાન સહન કરનારો જેટલો મૂર્ખ છે તેના કરતાં વિષયોના ક્ષણિક સુખ માટે અસંખ્યાતા વર્ષોના નરક નિગોદના દુઃખોને સ્વીકારનારો સંખ્યાતા ગણો વધુ મૂર્ખ રહેલો છે.

૨ અન્યના દોષજ જોનાર અંતે ગીટ ભ્રમર ત્યારે જાતેજ દોષનો કોષ બની જાય છે. અને પારકાને પોતાનો શિકાર બનાવી પીડા આપનાર વ્યક્તિ પોતેજ પોતાની પર પીડન વૃત્તિનો શિકાર બનેલ હોય છે. જીવનનો દ્રોહ કરીને ન તો શાંતિ મેળવી શકાય, ન તો મુક્તિ.માણસ એની પ્રશંસા કરનારને વિસરી જશે, નિંદા કરનારને નહિ, માનવ જીવનનો આરિસો માનવીના વર્તન વિચાર અને વાણીના ગજબના પ્રતિબિમ્બોને સંઘરે છે.

૩ મેઘ મલ્હારના આગને પામતાં પહેલાં દીપક રાગની આગમાં જલવું પડે છે. વરસતાં પહેલાં વાદળને વીજળીની કરવતે વ્હેરાવું પડે છે. અને વાગતાં પહેલાં વાંસળીને વિંધાવું પડે છે તેવી રીતે સાધના સમી અદ્‌ભૂત બંસી તમોને મળી છે છતાં તમે મૂક છો ને પેલી સિદ્ધિની રાધા બિચારી તમારા સૂર નોતરાંની પ્રતીક્ષા કરી રહી છે.

૪ આરતીનો દીપક પૂજ્ય તેમજ પૂજક ઉભયને પ્રકાશ આપે છે તેમ માનવતાનો દીપકનો પ્રકાશનું પણ તેવું જ છે. રાત્રિના કાજલમાંયે ધવલપુષ્પો પોતાના પરિમલના કુમકુમ વેરતાજ રહે છે.

૫ જલ જ્યારે ખાબોચિયાના સંકુચિત બંધનમાંથી મુક્ત થઇ ઝરણું બની જાય છે. ત્યારે જેમ એને એની સાચી ગતિ મળી જાય છે તેમ માણસ જ્યારે મોહમાયાનાં દુન્યવી બંધનથી વિરક્ત તેમજ વિમુક્ત બની જાય છે ત્યારે એને સદ્‌ગતિ સાંપડે છે, મોક્ષ મળે છે.

★★

## બુદ્ધિ પ્રભા જયવંત હો.

---

જયવંત હો, વિજયવંત હો,
બુદ્ધિપ્રભા જયવંત હો.
ગુરૂવરતણી જ્ઞાન પ્રસાદીથી,
સદા ભરપૂર હો.
આ ઠ ગુણ બુધ્ધિ તણા,
વાચકના ખીલવનાર હો.
માનવ બુદ્ધિ વિકસાવવા,
સુસમજથી ભરપૂર હો.
**કીર્તિસાગર** સૂરિ પસાયે,
બુદ્ધિપ્રભાની **કીર્તિ** સદા જયવંત હો.

રચયિતા:
પ. પૂ. વિ. સા. સદ્‌કીર્તિલતાશ્રીજી.

# શેઠશ્રી મુલચંદ બુલાખીદાસના ઉપાશ્રયે થયેલ અક્ષયનિધિતપનો ગ્રુપ ફોટો



ઉભેલા
શાહ
હિંમતલાલ
અમૃતલાલ
ચોકસી

બેઠેલા
શાહ
જગદીશચંદ્ર
કેશવલાલ

ઉભેલા
હિંમતલાલ
છોટાલાલ
કાપડીયા

શા. બાબુલાલ
વાડીલાલ
કાપડીયા
(વ્યવસ્થાપક)

બેઠેલા
શા. રસીકલાલ
ચીમનલાલ
ચોકસી

બેઠેલા- વચમાં **પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સુરીશ્વરજી મહારાજ**

ડાબી બાજુથા-**પૂ. અનુયોગાચાર્ય પંન્યાસ શ્રી મહોદયસાગરજી ગણિવર્ય.** જમણીબાજુ-**પૂ. મુનિવર્ય શ્રી અશોકસાગરજી મહારાજ**

જેઓશ્રીનાં પરમ પાવન શાસન પ્રભાવક સાનિધ્યતામાં શ્રી અગિયાર ગણધર તથા ચૌદ પુર્વ તથા યુગ પ્રધાનાદિ અક્ષયનિધિ વીગેરે તપારાધનાઓ અપૂર્વ ભાવોલ્લાસ ધર્મ જાગૃતિપૂર્વક થએલ છે તેમજ 'બુદ્ધિપ્રભા' માસિક પ્રગટ પમાડવાનો પુનરૂદ્ધારપણે સુયોગની પ્રાપ્તિ તે પણ તેઓશ્રીનાં પરમ કૃપાનું જ ફળ સંપૂર્ણ આભારી છે.

# આશ્રયદાતાઓ



શ્રી કાંતીલાલ કેશવલાલ ઝવેરી



શ્રી જયંતીલાલ ભોગીલાલ પરીખ

# મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય— મણકો (૧)

લેખક : પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક હળવદકર (આયુર્વેદાલંકાર)
ડે. ૨, મનહર પ્લોટ, રાજકોટ.



લેખક

( "મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય" ના લેખક પંડિતજી જૈનદર્શન અને વેદાન્તદર્શનના પરમ ઉપાસક છે. ભૂતપૂર્વ જૈન પાક્ષિક "રત્નજ્યોત" પત્રના સંપાદક હતા. "જૈન જાગૃતિ" પાક્ષિકમાં જૈનદર્શન અને આયુર્વેદ વિભાગનું પણ સંચાલન કરતા હતા. તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી અને હિંદી ભાષાના જ્ઞાતા છે. આર્યપ્રકાશ અને આર્ય સંદેશ સાપ્તાહિકોમાં તથા આયુર્વેદીય માસિકોમાં તેમનું સાહિત્ય પ્રગટ થાય છે. તેમનું જૈન તપ વિશે "તપસ વિજ્ઞાન" નામનું પુસ્તક સુરેન્દ્રનગરથી પ્રસિદ્ધ થયું છે અને "નિજસ્વરૂપ સિદ્ધાન્ત" નિબંધ મોરબીથી પ્રગટ થયો છે. બુદ્ધિપ્રભા માસિકને પ્રારંભથીજ પંડિતજીનો જૈન સાહિત્ય સહકાર સાંપડ્યો છે અને દરેક અંકમાં પંડિતજી તરફથી નવી નવી કૃતિઓ અમને પ્રાપ્ત થશે એ આશા. —તંત્રીઓ)

( જન્મ પછી મરણ નિયત છે અને મરણ બાદ મુક્તિ પણ એટલીજ ચોક્કસ છે. આ માનનાર દરેક વ્યક્તિ મૂર્તિને સન્માને છે અને કોઈને કોઈ પ્રતિકથી તેનું પૂજન કરે છે. મુક્તિ માટે મૂર્તિપૂજા કેટલી આવશ્યક છે અને કેટલી અનિવાર્ય છે એ માટે આ લેખ જ વાંચવો રહ્યો. )

મૂર્તિપૂજા વિશે ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે વિશ્વના ઇતિહાસનો પ્રારંભકાળ થયો તે પૂર્વે પણ મૂર્તિપૂજા હતી, એવા પ્રાચીન વૈદિક યુગના પ્રમાણો મળી આવે છે.

સારાયે વિશ્વમાં મૂર્તિપૂજાનાં સંબંધમાં બે પ્રકારની વિચારસરણી ધરાવનાર સમાજનું અસ્તિત્વ જોવામાં આવે છે. (૧) મૂર્તિપૂજાને માનનારો વર્ગ (૨) મૂર્તિપૂજાને નહિ માનનારો વર્ગ. આ વિષયને આપણે વિધવિધ દ્રષ્ટિબિંદુથી વિચારીને પાઠકો સમક્ષ રજુ કરી મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય બતાવવું છે. તેથી 'બુદ્ધિપ્રભા'ના પાઠકો શાંત ચિત્તે આ લેખનું વાચન કરે.

મૂર્તિપૂજાનો પ્રારંભકાળ ઘણોજ પ્રાચીન છે, પરંતુ તેનો વિરોધ કરનાર વર્ગના ઇતિહાસનો સમય માપી શકાય છે. તેથી કહી શકાય છે કે મૂર્તિપૂજાનો વિરોધ ભારતવર્ષમાં પ્રથમ થયો નથી, પરંતુ ઇજીપ્ત અને એશિયા માઇનોરમાંથી થયો છે. મૂર્તિનો પ્રથમ વિરોધ કરનાર "મોઝીઝ" જેનું બીજું નામ હજરત મુસા અલેહિસ્સલામ હોય એવી માન્યતા પુરાતત્વ શોધકોની છે. આ વ્યક્તિઓ યહુદીઓ (Jews)ના પેગમ્બર હતા. તેઓ ઈ. સ. પુર્વે ૧૫૭૧માં ઇજીપ્તમાં જન્મ્યા હતા. તેમણે બાઇબલના પૂર્વાર્ધમાંની પહેલી પાંચ પુસ્તિકાઓ લખી છે (ઓલ્ડ ટેસ્ટામેન્ટમાંની). તેમના અનુયાયીઓ આ પુસ્તિકાઓ ખુદાએ તેને આપી છે એવી માન્યતા ધરાવે છે આ પાંચ પુસ્તિકાઓ પૈકી બીજી પુસ્તિકાના વીસમા પ્રકરણમાં ચોથું ફરમાન મૂર્તિપૂજાના વિરોધ તરીકેનું તેઓ જાહેર કરે છે. "તારે તારા માટે ઉપર રહેલા સ્વર્ગમાંની કોઇપણ ચીજની, નીચેની પૃથ્વીમાંની કોઇપણ ચીજની અને પૃથ્વીના નીચે આવેલા જલ પ્રદેશની કોઇપણ ચીજની કશી કોતરેલી મૂર્તિ કે તેના જેવો કોઈપણ નમૂનો કદી કરવો નહિ." (ઓલ્ડ ટેસ્ટામેન્ટ XXIV બાઇબલ) આ વાક્ય મૂર્તિપૂજાના વિરોધનું મંગલાચરણ મનાય છે. ઉપરના પુસ્તકને યહુદીઓ માને છે તેમજ ક્રિશ્ચિયનો પણ માને છે. ક્રિશ્ચિયનોના

બાઇબલના બે ભાગ છે. (૧) ઓલ્ડ ટેસ્ટામેન્ટ (પૂર્વાર્ધ) અને ન્યુ ટેસ્ટામેન્ટ (ઉત્તરાર્ધ), ક્રિશ્ચિયન પ્રજા આ બન્નેને શબ્દ પ્રમાણે માને છે. યહુદીઓ પૂર્વાર્ધને ફક્ત માને છે, પરંતુ ઉપર મુજબ મૂર્તિના વિરોધ તરીકે જે પય. મુસાના વચનો છે, તે વચનો બન્ને પક્ષ માને છે. પરમેશ્વરની મૂર્તિ બનાવવાનો નિષેધ કીધો, પણ સાથ સાથ સંસારમાંની તથા જંગલની કોઇપણ ચીજની આકૃતિ બનાવવાનો નિષેધ આ વાક્યથી તેઓએ કર્યો છે, તે એટલે સુધી કે બાળકોને રમવા માટે માટી કે લાકડાનાં રમકડાં બનાવવાં અને તેના ઉપયોગ કરવો તે પણ નિષેધ માને છે. આ વારસો સમય જતાં આરબોને સાંપડયો. તેઓએ પણ આ માન્યતા સ્વીકારી. તે પછી પંદરસો વર્ષ બાદ ક્રિશ્ચિયનના પેગંબર જીસસ ક્રાઇસ્ટ (ઇસુખ્રિસ્ત)નો સંપ્રદાય ચાલ્યો. તેણે પણ મૂર્તિપૂજાના નિષેધનો માર્ગ સ્વીકાર્યો. તેમના દશ મહા ફરમાનામાં મૂર્તિપુજા નિષેધ પણ આવી જાય છે. ત્યારબાદ ઈ. સ. ના છઠ્ઠા સૈકાની શરૂઆતથી મુસલમાનોના પયગંબર નબી સાહબનો પંથ શરૂ થયો. તેણે મૂર્તિના વિરોધમાં વધારે સહકાર આપ્યો, તે એટલે સુધી કે તેના અનુયાયીઓએ મૂર્તિનિષેધક પૂરતાં ન રહેતાં મૂર્તિભંજક તરીકે ઇતિહાસમાં સ્થાન મેળવ્યું છે. ઈ.સ. ૧૦૨૪માં મહમદ ગજની મૂર્તિભંજક તરીકે વધારે પ્રસિધ્ધ થયો છે. હવે આપણે મૂર્તિપુજાના ઇતિહાસ જોઇએ. મૂર્તિ નિષેધકનો ઇતિહાસ થોડો જ છે ત્યારે મૂર્તિપૂજાનો ઇતિહાસ ઘણોજ વિશાળ અને બુદ્ધિગ્રાહ્ય છે

## ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકન

એલેકઝાન્ડર ઇ. સ. પુર્વે ૩૨૭ વર્ષ પર હિંદમાં આવ્યો હતો. તે વખતે જે ગ્રીક પ્રજા તેમની સાથે આવી હતી તે પ્રજાએ હિન્દુસ્થાનની મૂર્તિઓ સાથે પોતાની દેવમૂર્તિઓ સરખાવી છે.

" એલેકઝાન્ડરની સાથે જે ગ્રીકો હિંદમાં આવ્યા હતા, તેઓએ તે દેશમાં (હિંદુસ્તાનમાં) પૂજાતા મુખ્ય મુખ્ય દેવોની પોતાના દેવો સાથે સરખામણી કીધી છે. આ બાબતમાં તેઓએ તેમના દેશવાસીઓના રિવાજને બરાબર પકડી રાખ્યો છે. તેઓ કોઇ દેશમાં કોઇપણ દેવને જોતાં કે તેને પોતાના અનેક દેવવાદવાળા મતમાં મેળવવાને સદા તત્પર રહેતા, પરંતુ તેમ મેળવવામાં અલબત્ત તેમના જેવા ગુણો અથવા તેમની પેઠે કંઇક રીતે મળતી પૂજા પદ્ધતિ પર ખ્યાલ રાખતા. આ પ્રમાણે તેઓએ શિવની પોતાના "ડાયોનિસસ" સાથે સરખામણી કરી છે. (Ancient India aspe-cribep by strabo page 64 )

ઇસ્વીસન પૂર્વે ૩૨૭માં ગ્રીસ તથા ભારતવર્ષમાં મૂર્તિપૂજા હતી. મૂર્તિપૂજાની બાબતમાં આ બન્ને પ્રજાને જરાપણ અણગમો ન હતો. આજે પણ હિંદી અને ગ્રીક પ્રજાને મૂર્તિપૂજા પ્રત્યે પ્રેમ છે. આ ઈ. સ. પૂર્વેનો સમય તે લગભગ ચંદ્રગુપ્તનો સમય છે. બૌદ્ધ ધર્મના પ્રાચીન ગ્રંથોમાં તેમજ જૈન ધર્મના પ્રાચીન ગ્રંથોમાં મૂર્તિપૂજા વિષેના પુષ્કળ પ્રમાણો છે, બૌદ્ધ અને જૈન ધર્મની સાથે આયુર્વૈદિક ધર્મને બીજા કેટલાક સિધ્ધાંતોમાં પરસ્પર મતભેદ હતો જ નહિ છેલ્લા કેટલાક સમય પછી આર્યસમાજ બ્રહ્મ સમાજ અને પ્રાર્થના સમાજ તથા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી આટલી જનતા મૂર્તિપૂજાના વિરોધમાં વાતો કરનારા છે, તેમાં પણ જે આયુર્વૈદિક જગતની સભ્ય પ્રજાના વેદમાં મૂર્તિપૂજા નથી, એમ કહે છે, તે વાત સત્યથી વેગળી છે. વેદ અને તેના સારરૂપ બીજા પ્રમાણભૂત બ્રાહ્મણગ્રંથો, પુરાણો વગેરેમાં મૂર્તિ પુજાનો ઉલ્લેખ કરેલો છે. અખિલ વિશ્વનો એકજ બ્રહ્મ તરીકે માનવાની હિમાયત કરનારા આદ્ય શ્રી શંકરાચાર્યજી પણ પોતે મૂર્તિપૂજક હતા. મૂર્તિપૂજાના નિષેધના સમય તથા મૂર્તિપૂજાનો પ્રાચીન સમય ટૂંકમાં આપણે જોઇ ગયા. હવે જેઓ મૂર્તિપૂજાનો નિષેધ કરનારા છે તેઓના ગ્રંથોમાં પણ મૂર્તિ પૂજાનો કોઇને કોઇ રૂપમાં ઉલ્લેખ થયો છે તે જોઇએ.

## મૂર્તિપૂજાની પ્રાચીનતા અને જનસંખ્યા

જનસંખ્યાની બાબત આજ દિવસ સુધીમાં સૌથી વધારે છે. તેમાં પણ બૌદ્ધ ધર્મ જે દુનિયાના ૧/૪ ભાગમાં ચાલે છે, તેમાં આજે પણ કનફ્યુશનિષ્ટ, ટેઓઇષ્ટ તથા શિન્ટોઇષ્ટ વગેરે શાખાઓ છે તે સઘળાં મૂર્તિપૂજક છે. બીજો મોટો પંથ ક્રિશ્ચિયન પ્રોટેસ્ટંટ, રોમન કેથોલિક તથા ગ્રીક તેમાં છેલ્લા બે મૂર્તિ રાખે છે. ક્રિશ્ચિયનોની કુલ સંખ્યામાં રોમન કેથોલિક ૨/૩ કરતાં વધારે છે. તેઓ પોતાના મંદિરોમાં વરજીન મેરી તથા તેના પુત્ર બાળ ઇસુની મૂર્તિઓ રાખે છે, તેમની આગળ ધુપ દીપ કરે છે, વંદન કરે છે. ગ્રીક પંથવાળાઓ તો ઉપર કહી તે મૂર્તિઓ સિવાય બીજાં પણ તેમનાં પ્રાચીન દેવદેવીઓ જેવાં કે જ્યુપીટર, જ્યુનો, મિનર્વા, વિનસ, મ્યુઝ વગેરેની મૂર્તિઓ રાખે છે તથા તેની પૂજા કરે છે.

### મૂર્તિપૂજક જનસંખ્યા

| | |
|---|---|
| બૌદ્ધ | ૫૮,૦૦,૦૦૦૦૦ |
| કેથોલિક | ૩૯,૦૦,૦૦૦૦૦ |
| ગ્રીક | ૧,૦૦,૦૦૦૦૦ |
| હિંદુ | ૨૧,૬૭,૦૦૦૦૦ |
| જૈનશ્વેતાંબર | ૯,૦૦,૦૦૦ |
| શિખ | ૨૭,૦૦,૦૦૦ |
| કુલ... | ૧,૩૫,૮૫,૦૦૦૦૦ |

### મૂર્તિનિષેધક જનસંખ્યા

| | |
|---|---|
| યહુદી | ૧,૨૨,૦૦૦૦૦ |
| પ્રોટેસ્ટંટ | ૧૭,૧૬,૦૦૦૦૦ |
| પારસી | ૧,૦૦૦૦૦ |
| મુસલમાન | ૨૨,૧૮,૦૦૦૦૦ |
| ઢુંઢિયા જૈન | ૩,૦૦૦૦૦ |
| આર્યસમાજી | ૨,૫૦,૦૦૦ |
| બ્રહ્મ તથા પ્રાર્થના સમાજ | ૫,૫૦૦ |
| કુલ... | ૪૦૬૫૫૫૫૦૦ |

મૂર્તિપૂજકની સંખ્યા આજે સૌથી વધારે છે અને તે મૂર્તિપૂજકોએ શાસ્ત્ર, તર્ક, રહસ્ય અને વિજ્ઞાનની દ્રષ્ટિથી મૂર્તિપૂજાનો નિર્ણય કરતાં મૂર્તિપૂજા એ કર્મ, જ્ઞાન અને ભક્તિ જે પરમ સુખ પ્રાપ્તિના રાજમાર્ગો છે, તેમાં પરમ સહાયક અને સર્વાંગીણ જીવન વિકાસમાં એક પરમ સહાયક છે તેમ નક્કી કર્યું છે

( ક્રમશઃ )


## બુદ્ધિપ્રભા પ્રસરો

બુદ્ધિની ખીલવણી કરતું માસિક જરૂર વાંચો વંચાવો.
પ્રજ્ઞા સતેજ કરવા આ માસિક જરૂર વાંચો વંચાવો.
ભાવના દિન દિન વધારવા, વિકસાવવા વાંચો.
પ્રશાંત થવાના ગુણો શીખવતું માસિક વાંચો.
સદ્‌ગુણોને વધારવામાં સહાયક માસિક વાંચો.
રોજ રોજ ઘરે ઘરે બુદ્ધિપ્રભા વંચાવી જ્ઞાન પ્રચારો.

રચયિતા-
પ. પૂ. વિ. સા. સદ્‌કીર્તિલતાશ્રીજી

# આગમવાણી વીરસ્તુતિ

સંપાદક :
પરમપૂજ્ય પ્રવર પંન્યાસ મુનિશ્રી
મહોદયસાગરજી ગણિવર્ય

**से सव्वदंसी अभिभूयनाणी णिरामगंधे धिइमंठिअप्पा ।**

**अणुत्तरे सव्वजगंसि विज्जं गंथाअतीते अभए अणाउ** ॥ १ સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ ૧ અ. ૬ ગાથા ૫

ચરમતિર્થંકર જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સર્વદર્શનના તત્ત્વને જાણનાર હતા. કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી યુક્ત મૂળ અને ઉત્તર ગુણથી વિશુદ્ધ ચારિત્રનું પાલન કરનારા ધીરજયુક્ત પોતાના આત્મસ્વરૂપમાં રમણ કરનારા સમસ્ત વિશ્વમાં અદ્વિતીય વિદ્વાન બાહ્ય અને અભ્યંતર ઉભય પ્રકારની ગ્રંથિઓથી અલિપ્ત તેમ વર્તમાન સિવાયના ઇતર આયુષ્યથી રહિત હતા. અર્થાત્ આયુપૂર્ણ કરી મોક્ષ નગરીમાં પ્રયાણ કરનારા હતા.

**जहासयंभूउदहीणसेट्ठे नागेसुवाधरणिंदमाहु सेट्ठं ।**

**खोओदए वा रसवेजयंते तवोवहाणे मुणि वेजयंते** ॥૨॥ સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ ૧ અ ૧ ગાથા ૨૦

જેમ આ વિશ્વમાં સર્વ મહાસાગરોમાં સ્વયંભૂરમણ સમુદ્ર શ્રેષ્ઠ છે સર્વ મણિધરોમાં ધરણેન્દ્ર સર્વોત્તમ ગણાય છે ષડ્રસ પદાર્થમાં ઇક્ષુરસ ઉત્તમ ગણાય છે તેમ સર્વ તપસ્વીઓમાં શ્રમણ ભગવાન મહાવીર શ્રેષ્ઠતમ ગણાય છે.

**दाणाणसेट्ठं अभयप्पयाणं सच्चेसुवा अणवज्जंवयंति ।**

**तवेसु वा उत्तमबंभचेरं लोगुत्तमे समणे नायपुत्ते** ॥૩॥ સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ ૧ અ. ૬ ગાથા ૨૩

શાસ્ત્રકાર ભગવાને પાંચ પ્રકારના દાન કહ્યા છે અભયદાન, સુપાત્રદાન, અનુકમ્પાદાન, ઉચિતદાન, કીર્તિદાન. આ પાંચેમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દાન હોય તો અભયદાન છે. સત્ય વચનથી કોઈ પ્રાણીને દુઃખ ન થાય એવું સત્યવચન શ્રેષ્ઠ ગણાય છે. જુદા જુદા પ્રકારના તપોની અંદર પણ બ્રહ્મચર્ય તપ સર્વોત્તમ છે. તેમ લોકોત્તર પુરૂષ તરીકે જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્રેષ્ઠતર છે.

**ठिईणसेट्ठा लवसत्तमावा सभा सुहम्मा व सभाण सेट्ठा ।**

**निव्वाण सेट्ठा जह सव्वधम्मा न नायपुत्ता परमत्थि नाणी** ॥૪॥ સૂત્રકૃતાંગ શ્રુ ૧અ.૬ ગાથા ૨૪

જેમ સર્વ સ્થિતિવાળાઓમાં અનુત્તર વિમાનના દેવો શ્રેષ્ઠ છે. સર્વ સભાઓમાં સૌધર્મેન્દ્રની સભા પ્રશંસનીય છે. વિશ્વનાં સર્વધર્મોની શ્રેષ્ઠતામાં નિર્વાણ એટલે મોક્ષમાર્ગની પ્રરૂપણા કરનાર ધર્મ જ શ્રેષ્ઠ છે. તેમ સર્વ જ્ઞાની પુરૂષોમાં શ્રમણ ભગવંત મહાવીર સ્વામીજ શ્રેષ્ઠ છે કારણ કે કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પ્રાપ્તિ થવાથી વિશ્વના સમસ્ત પદાર્થને હસ્તકમલવત્ નિહાળી રહ્યા છે.

**पुढोवमे धुणइ विगयगेही न सण्णिहिंकुव्वति आसुपन्ने ।**

**तरिउंसमुद्दं व महाभवोघं अभयंकरे वीर अणंतचक्खू** ॥૫॥ સૂત્રકૃતાંગ શ્રુ. ૧ અ. ૬ ગાથા ૨૫

વસુમતી જેમ સર્વભૂતોને આધારરૂપ છે તેમ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અજ્ઞાનથી રખડતા જીવાત્માઓને સત્યનો ધોરીમાર્ગ બતાવવા આધારભૂત છે. વળી તેઓ અષ્ટકર્મના મળને દૂર કરનાર ગૃદ્ધિ રહિત છે. શીઘ્રબુદ્ધિશાળી તેમ ક્રોધમાન માયાઆદિ અરિના સંપર્કથી દૂર છે ભવચક્રરૂપી સમુદ્ર સમાન મહાન સંસારને પાર કરી મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરેલ છે, તેમ સર્વ પ્રાણીઓને અભય આપનાર અને અનંત જ્ઞાનદર્શનના ધારક છે.

# શિયળનો આદર્શ યાને કામાન્ધનો પરાજય

લેખક: સાહિત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી (બાલેન્દુ)

**सल्लंकामा विसंकामा कामाआसीविसोपमा कामेपत्थेमाणा अकामाजंति दोग्गइं**

વિશ્વના વર્તુળમાં માનવીને આશા ખરેખર પરેશાન બનાવી રહી છે. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા જતાં પોતાની જાતને ઊંડી ગર્તામાં ધકેલી રહ્યો છે તે પણ જોઈ શકતો નથી. વિષયરૂપી આમિષમાં તરબોળ બનેલ કામાન્ધ માનવીઓ વિશ્વની લીલાને શાશ્વતજ માનતા હોય છે. અરે! પોતાની જાતને પણ અમર માની સાગરના તરંગો જેવા ચંચળ આયુષ્યને નિહાળી શકતો નથી. તેવીજ દશા ધનાંધ, સત્તાંધ મદાંધ આદિ માણસોની છે. પૃથ્વીપુર નગરના નવજવાન ભરયોવન વયમાં પ્રવેશ કરેલા રાજા અરિદમનની આવીજ દશા હતી. એનામાં યૌવનાવસ્થાનો મદ હતો, સમૃદ્ધિનો ગર્વ હતો, સત્તાનું ગુમાન હતું અને સૌથી વિશેષ દુર્ગુણ પોતે કામાન્ધ હતો.

**धनयौवनसंपत्तिः प्रभुत्वमविवेकिता**
**एकैकमपि अनर्थाय किमुयत्रचतुष्टयम् ॥**

માનવને નેત્ર છતાં અંધ બનાવનાર ધનયૌવન સંપત્તિ ને પ્રભુત્વ એ ચંડાળ ચોકડી પર સ્વામિત્વ ધરાવનાર અરિદમન હતો. કોઈપણ નવયુવા સ્વરૂપવાન સ્ત્રી જોઇ તેના પ્રત્યે આકર્ષાઈ જતો. યેન કેન પ્રકારે પોતાને સ્વાધીન બનાવતો. પોતાના કાર્યમાં કોઈ કંટક સમાન દેખાય તો તેનો પ્રતિકાર કરવા તેની પાસે રાજદંડ હતો, અધિકાર હતો, પશુબળ હતું, તેવા પ્રકારના સેવકો હતા.

એક વખતે રાજા સભામાં બેઠેલ છે. રાજ્યની કાર્યવાહી ચાલી રહી છે. તે સમયે એક ધીવર રાજદરબારમાં દાખલ થયો. રાજાના ચરણમાં સુવર્ણ કરતાં પણ તેજસ્વી કંચુકી ભેટ ધરી નતમસ્તકે ઉભો રહ્યો. આ કંચુકી કોની છે? રાજાએ એકાએક પ્રશ્ન કર્યો.

મહારાજ! માછલીના પેટમાંથી આ કંચુકી પ્રાપ્ત થઈ છે. તેના વિશેનો અન્ય વૃત્તાંત હું કાંઈ પણ જાણતો નથી. કંચુકીનું સ્થાન રાજદરબારમાં હોય એમ ધારી આપની પાસે લાવ્યો છું. આ પ્રમાણે માછીમારે વિનયભરી સ્વરે રાજાના પ્રશ્નનો ટુંકમાં જવાબ આપ્યો.

રાજાએ કંચુકી સ્વીકારી ધીવરને યોગ્ય પુરસ્કાર આપી વિદાય કર્યો. સભા સમાપ્ત કરી રાજા મહેલમાં ગયો. કંચુકીને વારંવાર નિહાળી અંતરમાં એક પ્રશ્ન ઉપસ્થિત થયો. કેટલી બધી મનોહર છે! ખરેખર આને પહેરનાર રમણી પણ તેવીજ લાવણ્યમયી હશે. કંચુકીના દર્શન માત્રથીજ રાજા કામાતુર બની ગયો. કામાતુર માણસો એટલા બધા અંધ હોય છે કે પોતાના ભાવિનો પણ વિચાર કરી શકતા નથી અને પોતાને પ્રાપ્ત થયેલી પવિત્ર સત્તાની પણ મર્યાદા સમજતા નથી. કંચુકીના દર્શનથી રાજાએ એક રૂપવતી સ્ત્રીની કલ્પના કરી. કલ્પના સાથેજ તેનું મન આકુળ વ્યાકુળ થવા લાગ્યું. અંતર્ગત નિશ્ચય કર્યો, કોઈપણ પ્રકારે કંચુકી પહેરનાર રમણીને મારે સ્વાધીન કરી અગ્રમહિષી બનાવવી. પોતાના રહસ્ય મંત્રીને બોલાવવા એક અનુચરને આજ્ઞા આપી. સેવક મંત્રીને બોલાવી રાજા પાસે હાજર થયો, મંત્રી બોલ્યો, કેમ સાહેબ, શા પ્રયોજનથી બોલાવવાનું થયું! આ કંચુકી પહેરનાર વનિતા વિના મારૂં જીવિતવ્ય નિરર્થક છે એમ કહી રાજાએ મંત્રીને કંચુકી બતાવી. કોઈપણ ઉપાયે તેની શોધ કરી ત્વરાથી તે રમણી મારી પાસે લાવો. એના વિના આ રાજવૈભવ મને અંગારતુલ્ય લાગે છે. કોઈપણ રાજકાર્યમાં મને ચેન પડતું નથી. દિવસ રજની કંચુકી

પહેરનારનાજ સ્વપ્ન આવ્યા કરે છે. દરેક વાતે આંધળા હોય તેવા સત્તાધારીઓને સેવકો પણ તેવાજ પ્રકારના હોય છે. રાજા પાસે રહેનારા લગભગ ખુશા-મતખોર અને હાજીહા કહેનારની સંખ્યા વિશેષ હતી. જેના પુણ્ય તેજસ્વી હોય તેનેજ શુભ માર્ગ દર્શાવ-નારા સચિવો પ્રાપ્ત થાય છે. મંત્રીએ રાજાની આજ્ઞા શિરોમાન્ય કરી ટૂંક સમયમાં આપણી પાસે રમણી હાજર કરી આપીશ એમ કહી વિદાય થયો.

પોતાને ઘેર આવી વિચાર કરવા લાગ્યો. આ કંચુકી કોની હશે ? આની શોધ કયા પ્રકારે કરવી ? છેવટે નિર્ણય કર્યો કે કોઇ સાધના કરનાર વ્યક્તિનો સમાગમ કરૂં જેથી મારૂં ધાર્યું કામ થઇ શકે. તપાસ કરતાં એક મેલી વિદ્યાને સાધનાર કાપાલિકનો પતો મેળવ્યો. કાપાલિકના મઠમાં જઇ પોતાના અંતરની દરેક વાત સવિસ્તર જણાવી અને કહ્યું કે આ કામ રાજાનું છે. રાજાની પ્રસન્નતા થશે તો તમારૂં દરેક કામ રાજાથી થઇ શકશે. કાપાલિક પોતાની મંત્ર સાધનામાં બેસી ગયો. સાધનાના બળથી દેવીને બોલાવી, દેવી હાજર થઈ એટલે મંત્રીએ પ્રણિપાત કરી કહ્યું, આ કંચુકીપ હેરનાર જે રમણી છે તેના ઉપર અમારા મહારાજા મોહીત થયા છે, તો તે પ્રમદાને મેળવી આપો. દેવી બોલી, મત્રીશ્વર ! આ કંચુકી ધારણ કરનાર એક સન્નારી સાધ્વી સ્ત્રી છે. તેના પવિત્ર શિયળ પર ખરાબ દૃષ્ટિ કરવામાં તારા રાજાનું કલ્યાણ નથી. સતી સ્ત્રીઓ કદાપિ પાપાચાર કરતી નથી, જેથી તારા રાજાની ઇચ્છા પ્રાપ્ત કરવા જતાં મહાન અનર્થ સર્જાશે, તો આ માગણીથી નિવૃત્ત થઇ અન્ય વરદાન માગી લે રાજાની ખવાસ-ગીરીમાં રાચતા મંત્રીએ દેવીના પ્રત્યુત્તરમાં કહ્યું, આપ જો મારા પર પ્રસન્ન થયા હો તો કંચુકી પહેરનાર રમણીજ લાવી આપો. ભાવિના વિચારની અત્યારે આવશ્યકતા નથી. દેવીએ ઘણું ઘણું સમજાવ્યું, છતાં મંત્રી પોતાના નિશ્ચયમાં અડગ રહ્યો. છેવટે દેવી બોલી, તે સ્ત્રી તો હું નહિ લાવી આપું, પરંતુ તે કોણ છે ? કયાં રહે છે ? શું નામ છે ? તે જણાવીશ તેમ કહો, મંત્રી બોલ્યો દેવી બોલી મંત્રી સાંભળ, કુંદનપુર નગરના નગરશેઠની એ પુત્રવધુ છે. કંચુકી પહેરનાર સ્ત્રીનું નામ ચિત્રલેખા છે. આટલું કહી દેવી અદૃશ્ય થઇ ગઇ. મંત્રીની ઇચ્છા પૂરી થવાથી કાપા-લિકને સારી ભેટ આપી ખુશી કર્યો. મંત્રી બીજે દિવસે કચેરીમાં ગયો અને રાજા પાસે દરેક હકીકત જાહેર કરી. રાજા પ્રમોદનાને ધારણ કરી મંત્રીને આદેશ કર્યો, કુંદનપુર આપણા તાબાનું શહેર છે, તો ત્યાંથી નગરશેઠના આખા કુટુંબને અત્રે હાજર કરો. હુકમ થતાંની સાથે મંત્રીએ સૈનિકોને મોકલી નગર શેઠને લાવી હાજર કર્યા રાજાએ એક જુદી મહેલમાં ઉતારો આપ્યો. નગરશેઠને પોતાની સમીપ બોલાવી રાજાએ પોત પ્રકાશ્યું. તમારી પુત્રવધૂ મને સુપ્રત કરો. તે મારા અંતઃપુરમાં રહેવાને યોગ્ય છે. મારી ઇચ્છા મુજબ સુપ્રત કરશો તો તમને છોડી મૂકીશ અને સમૃદ્ધિથી છલકાવી મુકીશ. જો એમ કરવામાં નહિ આવે તો તમારા આખા કુટુંબનો નાશ થશે. બે માર્ગમાંથી જે શ્રેષ્ઠ લાગે તેનો સ્વીકાર કરો.

નગરશેઠ કહે રાજન્ ! આપની માગણી અનુચિત છે, જગતમાં દિકરીના માગાં હોય છે, વહૂના નહિ શેઠ વિચાર કરો ! મહારાજ ! આબરૂ-શિયલ અને સત્વ કરતાં મૃત્યુની કિંમત જરાપણ વધારે નથી. નશ્વર સુખ ખાતર શાશ્વત ધર્મનો ત્યાગ કરવો એ વાત મારાથી નહિ બને, માટે અનુચિત માંગણીનો ત્યાગ કરો. આપની રાજનીતિને શોભાવનારી આ માગણી નથી, છતાં પણ આપના હાથમાં સત્તાના ગર્વ છે, તો ફાવે તેમ કરી શકો છો. પરંતુ મારી પુત્રવધુ મારા સ્વહસ્તે આપની કામાન્ધતાની ઇચ્છા પૂરવા માટે સુપ્રત કરી શકતો નથી નગરશેઠની ઉપરના પૂર્વકનું કથન સાંભળી રાજાએ કહ્યું, શેઠ ? અત્રેથી ચાલ્યા જાઓ, મારે તમારો ઉપદેશ સાંભળવો નથી. શેઠના ગયા પછી રાજાએ ચિત્રલેખાને પોતાના વિલાસી ખંડમાં બોલાવી અને કહ્યું હે પ્રિયે ! આ તારી દિવ્ય કંચુકી જોઈ હું તારા ઉપર મુગ્ધ થયો છું. તને હું મારા હૃદયની પ્રાણેશ્વરી બનાવવા ચાહું છું. મારા અંતઃપુરમાં અનેક રમણીઓ હોવા છતાં પણ તારી મુખાકૃતિમાં જે મોહકતા છે તે અન્યત્ર

નથી. તું મારા પર પ્રસન્ન થા અને મારી વાતનો સ્વીકાર કર હું તને પટરાણીપદથી વિભૂષિત કરીશ રાજન્ અઘટિત બોલતાં વિચાર કરો ચિત્રલેખા તેજ ભર્યા સ્વરે બોલી આપ અત્યારે કયા સ્થાનમાં છો અને કોની સમક્ષ માગણી કરી રહ્યા છો? સાધ્વી સ્ત્રી કોઈ કાળે પતિ સિવાય ઇતર પુરૂષને ભજતી નથી. સપ્તપદીમાં પ્રતિજ્ઞા લીધેલા પુરૂષનેજ પરમેશ્વર માને છે આપની લાલચમાં હું કોઇ કાળે ફસાઉં તેમ નથી. હે લલને? હજી વિચાર કર તું કોની સામે બોલી રહી છે મારી ઇચ્છા પૂર્ણ કરીશ તો સર્વ સમૃદ્ધિ તારા ચરણમાં આળોટશે મહારાજ! તમારું આ રાજ્ય તો શું, અરે! પટરાણીનું પદ પણ શું. કદાચ ઇન્દ્ર આવીને વાત કરે તો પણ હું મારા શિયલ ખાતર તેની સમૃદ્ધિને લાત મારવા તૈયાર છું. ત્યારે તું તો એક તુચ્છ પશુતુલ્ય વિષયનો કીડો છે. તારી સમૃદ્ધિ કરતાં અનેકગણી સમૃદ્ધિ મારા સ્વામિના ચરણમાં અહોનિશ આળોટે છે. કામાંધ રોષાતુર થતો બોલ્યો, અરે નાદાન સ્ત્રી! તું કોની સમક્ષ બકવાટ કરી રહી છે હું આખા દેશનો સ્વામિ છું મારી સામે અસભ્યતાથી બોલનારની શું દશા થાય છે તેની તને ખબર નથી લાગતી હું મારી ઇચ્છા પુરી કર્યા વિના શાંત થતો નથી માટે યાદ રાખજે આજ સાંજ સુધી તને સમય આપું છું. જો તું તારી સ્વેચ્છાથી મને આધીન થઇશ અને શાંત્વન આપીશ તો તને હું મારી સહચારિણી તરીકે સ્વીકારીશ. નહિતર બળાત્કાર કરીને પણ તારું શિયળ ખંડન કરી મારી ઇચ્છા પૂર્ણ કરીશ. માટે યોગ્ય વિચાર કરી લેજે એમ કહી ચિત્રલેખાને પોતાના વિલાસી ખંડમાં પૂરી દઇ પોતે ચાલ્યો ગયો

મતી તો પોતાના ધ્યાનમાં મગ્ન બની પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરવા લાગી હે દીન દયાળ! હવે મને સહાય કરજો, દુષ્ટ આવીને હેરાન કરશે, શિયળના રક્ષણ માટે મૃત્યુ સિવાય અન્ય માર્ગ સુઝતો નથી. અનેક સતીઓને સંકટના સમયે સહાયતા મળી છે, તો મને પણ માર્ગ આપી ઉગારી લેજો, બરાબર રાત્રીના સમયે કામાન્ધ અને સત્તાના મદમાં પાગલ બનેલો રાજા ચિત્રલેખાના ખંડમાં આવ્યો ચિત્રલેખાને તો પ્રભુના ધ્યાનમાં મગ્ન બનેલી જોઇ સતીના અંતરમાં નમસ્કાર મંત્રનું અપૂર્વ ભાવે સ્મરણ ચાલતું હતું રાજા તેના સ્વસ્થ સૌન્દર્યને જોઇ વધારે પાગલ બન્યો. તેને ભેટવા આગળ વધ્યો અંતરમાં વિચાર કરતો કે હમણાંજ આલિંગન આપી મારી કામેચ્છા પૂર્ણ કરૂં પરંતુ કોઈ કાળે કોઈનું ધાર્યું કામ આવતું નથી. જો મનુષ્યનું ધાર્યું કામ આવે તો પછી માનવ કર્મ-સત્તાને તો સાવ ભુલીજ જાય જેવો સતીને સ્પર્શ કરવા જાય છે, તેવોજ એકાએક એના પગ પર કોઇ પ્રચંડ વિષધરે ડંખ માર્યો તરતજ રાજા ચિત્કાર સાથે ધરણીપર ઢળી પડયો અને પ્રાણ પંખેરૂ અલોપ થઇ ગયું. ચિત્રલેખા તો હજુ સુધી પોતાના ધ્યાનમાં મગ્ન હતી. થોડીવારે ધ્યાન વાળ્યું તો રાજાને સદાને માટે જમીન પર સૂતેલો જોયો પ્રભુએ મને સહાયતા કરી પાપીને પાપના ફળો ચખાડયા સતીના મુખમાંથી શબ્દો નીકળ્યા મંત્રી વર્ગને ખબર પડી સૌ મનોગત સમજી ગયા. રાજ કુટુંબીઓએ રાજાની અંતિમ ક્રિયા કરી. નગરશેઠ પુત્રવધૂ સાથે કુંદનપુરમાં ગયા. રાજાના મૃત્યુ ઉપર લોકો આસુના બદલે ધિક્કારવા લાગ્યા અને શિયળનું ગૌરવ સાચવવા બદલ ચિત્રલેખાને અનેક ધન્યવાદ આપ્યા વિષયાંધ રાજા અનેક કુકૃત્યો કરી કીર્તિને કલંક લગાડી નરકની ઉંડી ગર્તામાં વિદાય થયો.

# કર્મયોગી મહાત્માઓ—

લેખક : મણીલાલ હા. ઉદાણી
M. A. LL. B. Advocate
( રાજકોટ )

[ આ લેખના લેખક શ્રીયુત મણીલાલભાઈ હાકેમચંદ ઉદાણી સ્થાનકવાસી જૈન સમાજના લબ્ધ-પ્રતિષ્ઠિત તેમજ સૌરાષ્ટ્ર જીવદયા મંડળના પ્રેસીડેન્ટ છે. પોતાના જીવનમાં માનવતા, ન્યાય નીતિમતાના ઉચ્ચ સુત્રોને અપનાવ્યા છે. સાંપ્રદાયિકવાદની દિવાલને હટાવી સત્યના ગવેષક બની સર્વધર્મના ગુણાનુગ્રાહી છે. બુદ્ધિપ્રભાના પ્રથમ અંક માટે પોતાની કૃતિ મોકલી અમોને આભારી કરેલ છે, તેમજ અવારનવાર આ પ્રમાણે લેખો મોકલતા રહે તેવી અભિલાષા. —તંત્રીઓ ]

અત્યારે આપણે જોઇએ છીએ કે વાંચન ઘણું વધ્યું છે, પરંતુ તે વાંચનમાં કેટલું ઉપયોગી અને કેટલું નિરુપયોગી, કેટલું ગ્રહણ કરવાનું અને કેટલું જાણવાનું અને કેટલું ભુલી જવાનું તેનો વિચાર કરવામાં આવતો નથી. ભગવાન મહાવીરે કહ્યું છે કે એક જાણ્યું તેણે જાણ્યું ( **एगो जाणइ सव्वे जाणइ**) જેણે પોતાના આત્માને જાણ્યો તેણે બધાના આત્મા પોતાના જેવાજ છે તેમ જાણ્યું જીંદગીમાં તેજ જાણવાનું છે. પૂજ્ય યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી તેનું જીવન જીવી જાણ્યા. પોતાના આત્માનું કલ્યાણ કર્યું અને મુમુક્ષુઓને માટે પોતાના ગ્રંથોનો અમૂલ્ય વારસો મુકી ગયા, અને નામ અમર કરી ગયા. તેમના ગ્રંથોમાં અમુલ્ય રત્નો ભરેલા છે. તે જ્ઞાન અમુલ્ય રત્ન છે, બાકી ભૌતિક ચીજો તો વિનાશી છે. ધન, સંપત્તિ, સ્થિતિ, સત્તા, સુખ, દુઃખ વીગેરે દ્વંદ્વો આવે છે અને જાય છે. આપણે જોઇએ છીએ તેમાંથી કાંઈ ભેગું આવવાનું નથી તે પણ સૌ કોઈ જાણે છે. છતાં મોહ છૂટતો નથી. અને તે મોહજ કર્મનું બંધન કરાવે છે પુર્વ જન્મના કર્મ મુજબ જીવન મળ્યું છે, અને પ્રારબ્ધ પ્રમાણેજ દરેકનું જીવન અને વહેવાર ચાલવાનો છે. તેમાં ફેરફાર કરવા કોઇ સમર્થ નથી તેમ છતાં મનુષ્ય હુંપણાના મદમાં પોતાનો સ્વભાવ ધર્મ ભૂલી જઈ વિભાવ કર્મમાં મશગુલ રહે છે અને જીવનનું ખરૂં કાર્ય કરી શકતો નથી. અને તેથી લક્ષ ચોરાસીના ફેરામાં રખડવું પડે છે.

ભારત તો આર્ય દેશ છે. અને ત્યાંજ કેવળી, તીર્થંકરો, સિદ્ધો, સંતો અને અનેક મહાત્માઓ થઈ ગયા છે. તેમના જીવનચરિત્રો વાંચો, તેમાંથી ઘણું શીખવાનું મળશે અને તેમાંથી બોધ લઇ તેમના સિદ્ધાંતોને અનુસરીને ચાલવાનો નિશ્ચય કરો તો આ જીંદગીમાં તો સુખ અને શાંતિ મળશે, પરંતુ બીજી જીંદગીમાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકાશે.

નીતિ ધર્મનો પાયો છે. જ્યાં નીતિ નથી ત્યાં ધર્મ ટકી શકેજ નહિ. દયા ધર્મનું મુળ છે. અહિંસાના સિદ્ધાંતમાં નીતિના બધા તત્વો આવી જાય છે. પૂજ્ય ગાંધીજીએ અહિંસા અને સત્યના તપોબળથી અંગ્રેજ જેવી મહાન સલ્તનતને યુદ્ધ કર્યાં વિના ભાગી જવાની પ્રેરણા આપી અને દેશ સ્વતંત્ર થયો, પરંતુ તે સિદ્ધાંતો અત્યારે જોવામાં આવતા નથી.

શ્રીમદ્ પૂજ્ય બુદ્ધિસાગર સુરીશ્વરજી મહારાજે કર્મયોગનો ગ્રંથ લખી વિશ્વ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેઓ ખરેખરા કર્મયોગી હતા અને જીવનની એક ક્ષણ પણ નકામી જવા દીધી ન હતી, રોજ બબ્બે પેન્સીલ ઘસાય જાય તેટલું લખ્યા કરતા હતા અને તેથી ૧૦૦ ઉપરાંત ગ્રંથો લખીને દેશ ઉપર મહાન ઉપકાર કરતા ગયા. આવા ગ્રંથો દરેકે વાંચવા જોઇએ અને તેમાંથી જ્ઞાન લઈ ઉપયોગમાં મૂકવું જોઇએ. મહાવીર સ્વામીના વખતમાં ૪૦ કરોડ જૈનો હતા. અત્યારે આઠ દશ લાખ માંડ હશે અને તેમાં પણ જૈન ધર્મના સિદ્ધાંતોને ગ્રહણ કરીને જીવનમાં ઉતારનારા તો કેટલા હશે તે વિચારવા જેવું છે.

જૈનોના સાધુઓનું જીવન કેટલું મુશ્કેલ છે તે આપણે જાણીએ છીએ આટલો ત્યાગ કર્યાં છતાં, અને વૈરાગ્ય લીધા છતાં, જો તેઓ આત્મ કલ્યાણ ન કરી શકે, અહિંસા અને સત્યનો ઝંડો ચારે તરફ ફરકાવી ન શકે, મનુષ્યનો ખરો ધર્મ દયા, દાન, પરોપકાર છે તે સમજાવી ન શકે અને કંચન, કામીની અને કીર્તિના ત્રણ કક્કામાં જો મોહ રહ્યા કરે, તો ત્યાગ વ્યર્થ જાય છે.

અત્યારે મનુષ્યમાંથી માણસાઈ ચાલી ગઈ છે મોંઘવારીના સખત ભીડામાં માણસો પોતાનો ધર્મ ચૂકી ગયા છે. ભારતના ઉપપ્રમુખ ડો. રાધાક્રીશ્નન માનવતા ઉપર રોજ રોજ વિદ્વતાભર્યાં પ્રવચનો કરી રહ્યા છે. છતાં ધન અને સત્તાના મોહમાં કેટલાક મનુષ્યો પોતાનું કર્તવ્ય ભૂલી ગયા છે, જેથી ઘણો ખેદ થાય છે

કુદરતે મનુષ્યને બુદ્ધિ આપી છે. જેથી તે બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરી વ્યક્તિનું, સંઘનું સમાજનું અને છેવટ દેશનું આપણે કર્મયોગી થઈને કેવી રીતે કલ્યાણ કરી શકીએ તેજ વિચાર અત્યારે જરૂરનો છે. અને બુદ્ધિપ્રભા માસિક તે તેજનો પ્રકાશ ચારે તરફ ફેલાવીને અંધકાર દૂર કરે તેવી મારી પ્રાર્થના છે.

---

'બુદ્ધિપ્રભા' વાર્ષિક સભ્ય
થનારે નીચેના સરનામે
લખી જણાવવું

બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o. પંડિત છબીલદાસ કેસરીચંદ
દાદાસાહેબની પોળ,
ખંભાત. (W. R.)

# કોણ શું સંદેશો આપે છે?

સં. મુનિશ્રી અશોકસાગરજી મ.

બીજ:– પૃથ્વીના પડને ચીરીને બહાર આવો.

વૃક્ષ:– કાયા પર કષ્ટ વેઠીને પણ શરણે આવેલાને શાંતિ આપો.

સરોવર:– દાન આપવાથી કુદરતી રીતે પ્રાપ્ત થયેલ કાંઈ ઓછું થતું નથી.

પરપોટો:– જગતમાં જે જ્યારે મસ્તક ઉન્નત કરે છે તે ત્યારે તૂટી પડે છે.

સૂર્ય:– અતિ ઉગ્ર બનશો તો કોઈ સામે પણ નહિં જુએ

ચંદ્ર:– શિતળ પ્રકાશ આપશો તો વિશ્વને વ્હાલા થઈ પડશો.

તારા:– અંધકારમાં આશાનો પ્રકાશ ગુમાવશો નહિં.

એરણ:– સહન કરશો તો સખત બનશો

લોઢું: ઘા કરનાર થાકે છે પણ સહન કરનાર થાકતો નથી.

માછલી:– ઢીલું મૂકશો તો શિકાર છટકી જશે.

દીપક:– મોટા પણ નાનાની ગરજ સારે છે.

દર્પણ:– જેવા હશો તેવા દેખાશો.

કાતર:– કટકા કરો પરંતુ સમજીને

સોય:– જુદાને સાંધો.

ફુગ્ગો – ફુલાતા જશો તો ફાટી જશો.

ઘડિયાળ:– સમય ચુકશો તો કિંમત ઘટી જશે.

---

## સાભાર સ્વીકાર

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી સ્વ. પૂજ્યપાદ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિશ્વરજી કૃત એકસોને આઠ ગ્રંથોમાંથી શ્રી કર્મયોગ તથા શ્રીઆનંદઘનપદ સંગ્રહ ભાવાર્થ સાથે વિગેરે નવી આવૃત્તિનાં અને તે સિવાય જુની આવૃત્તિની સ્ટોકમાંથી દરેકની એક એક નકલ મળી કુલ એકસઠ પુસ્તકો શ્રી 'બુદ્ધિપ્રભા' માસિકને પ્રકાશન સદુપયોગાર્થે ભેટ મળેલ છે જેનો સાભાર સ્વીકાર પૂર્વક ધન્યવાદ દર્શાવીએ છીએ. –તંત્રીઓ

# શાશ્વત સુખનો ધોરીમાર્ગ

લેખક:
પ. પૂ. મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી
મહારાજ

આ જગતમાં જ્યાં જ્યાં નજર કરશું ત્યાં ત્યાં એકજ વસ્તુ દેખાય છે કે દરેક પ્રાણી સુખને મેળવવા અને દુઃખને દૂર કરવા રાત્રિ દિવસ પરિશ્રમ કરે છે. પરંતુ કોઇને સુખ મળ્યુ નહી અને દુઃખ ગયું નહી. છતાં આશા રાખી તનતોડ મહેનત કરે છે પરંતુ તેનું કારણ કોઇ શોધતું નથી જો કારણ શોધી તેની પાછળ મહેનત કરવામાં આવે તો અલ્પ પ્રયાસે ઇચ્છિત વસ્તુની સિદ્ધિ થાય. એટલા માટે મહાપુરૂષો પોકારી પોકારીને કહે છે કે **दुःखंपापात् सुखं धर्मात्, सर्वशास्त्रे संस्थितिः। न कर्तव्यं अतःपापं, कर्तव्यो धर्मसंग्रहः॥** સર્વ શાસ્ત્રો જણાવે છે કે પાપ કરવાથી દુઃખ અને ધર્મ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે માટે પાપ કોઇએ કરવું નહિ. ફક્ત ધર્મનુંજ સેવન તમ કરો.



ધર્મ એટલે શું ?

દુર્ગતિમાં જતા પ્રાણીને ધારણ કરે (અટકાવે) તે ધર્મ કહેવાય આ જગતમાં દરેક પ્રાણી સુખને ઇચ્છે છે. માટે **आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत्** પોતાને જે ન ગમે તે બીજા પ્રત્યે આચરવું નહી આ સિદ્ધાંત હૃદયમાં ધારણ કરીને શુદ્ધ શ્રદ્ધાથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં આવે તો દેવપાલ ક્ષત્રિયની માફક આ ભવ અને પરભવમાં નિશંક સુખની પ્રાપ્તિ થાય.

અચળપુર નામના નગરમાં સિંહરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા સજ્જન વર્ગ પુત્ર માફક પાલન કરતો હતો અને દુર્જનોને શિક્ષા કરતો હતો. તેને કનકમાળા અને શીલવતી નામની બે રાણીઓ હતી અને મનોરમા નામની એક પુત્રી હતી. આ નગરમાં જીનદત્ત નામે શેઠ રહેતા હતા તે બહુ દયાળુ હતા અને ધર્મપ્રેમી હતા. આ શેઠને ત્યાં દેવપાળ નામનો એક નોકર હતો. તે દરરોજ સવારે પશુઓ લઇ જંગલમાં ચરાવા જાય અને સંધ્યા સમયે પાછો ઘેર આવે એક વખત વર્ષા ઋતુમાં પોતે ગાયો ચરાવા ગયેલ છે અને એકાએક વરસાદ પડવાથી નદીમાં પાણી ઉભરવા લાગ્યા અને કીનારાઓ તુટવા લાગ્યા અને તેમાંથી એક પ્રતિમા પ્રગટ થઇ એક વૃક્ષ નીચે ઉભેલા અને ટાઢીથી ધ્રુજતા દેવપાલની દૃષ્ટિ તેના ઉપર પડી અને તે દેખવા મન ખેંચાવા લાગ્યું છેવટે વરસાદ શાન્તિ

સુખના અર્થી જીવડાં તું જાગ ? માયામાં શું મુંઝાણો,
ડાહ્યો ડમરો જગમાં થઇને ઝાંઝવા નીરે ઝંખાણો....સુખના ૧
સંપત્તિ વૈભવ સુખ નહિં આપે જાણી મન શું આણો,
કુટુંબ કબીલો સ્વાર્થીઓ સહુ દુઃખનાં ડુંગર પ્રમાણો....સુખના ૨
સંયોગ મળતાં મનડું મોહ્યું વિયોગે દુભાણો,
આત્મા કેરી અનંત શકિત સાચો મારગ જાણો....સુખના ૩
બાળપણું રમત ગમતે ખોયું યુવાનીએ ફૂલાણો,
ઘડપણે ગળીઓ બળદ થઇને મૃત્યુ વેળા પસ્તાણો....સુખના ૪
માયા મમતા વિષસમ માનો આતમ હીરો પીછાણો,
બુદ્ધિકીર્તિ પાકર ત્રૈલોક્ય શાશ્વતા સુખડાં માણો....સુખના ૫

રચયિતાઃ
**મુની દુર્લભસાગરજી**

પકડી ત્યારે ત્યાં જઈ પ્રતિમા લઇ પાણીથી નિર્મળ કરી કીનારા ઉપર રહેલ પોતાની ઝુંપડીમાં પધરાવી અને સ્તુતિ કરે છે કે હે ભગવન્ ! આપના દર્શન કર્યા વિના હું ભોજન કરીશ નહી. આ નિયમ ગ્રહણ કરી સાંજે પશુ લઇને ઘેર ગયો ભાવથી દરરોજ નિયમનું પાલન કરે છે. કેટલાક દિવસ બાદ વરસાદની હેલી ચાલુ થઇ અને ધોધમાર વરસાદ પડવાથી નદીમાં પણ પુર આવવા લાગ્યા અને તે દિવસે દર્શન થઇ શકયાં નહિ સબંધીઓ આગ્રહ કરવા છતા પણ દેવપાલ ભોજન કરતો નથી આવી રીતે બીજો દિવસ ગયો, ત્રીજો દિવસ ગયો એમ કરતાં સાતમો દિવસ આવ્યો રાત્રિએ વરસાદે શાંતિ પકડી અને નદી પૂર પણ ધીમે ધીમે ઓછું થવા લાગ્યું દેવપાલને સાત દિવસના ઉપવાસ થવા છતાં મુખે ગ્લાની નથી પરંતુ સાત દિન ભગવાનની પૂજા ન થઇ એજ મનમાં રટન છે આઠમે દિવસે પોતે પ્રાતઃકાલે નદી ઉતરી ઝુંપડીમાં જઇ ભગવાનનાં દર્શન કરી પોતાના આત્માને પવિત્ર બનાવે છે પૂજન વિગેરે કરી ભગવાનની સ્તુતિ કરે છે હે ભગવન ! મારો અપરાધ ક્ષમા કરજો ફરીથી પૂજામાં અંતરાય ન પડે એ હું ઇચ્છુ છું આ પ્રમાણે એક ધ્યાનથી સ્તુતિ કરે છે તે વખતે તેની અડગ શ્રદ્ધા દેખી ચક્રેશ્વરીદેવી પ્રગટ થઇ બોલી હે દેવપાલ ! હું તારા ઉપર પ્રસન્ન થઇ છુ માટે વરદાન માગ ? દેવપાલે વિચાર કરી કહ્યું હે દેવી ! દરરોજ હું અંતરાય વિના ભગવાનની પૂજા કરૂં એટલુ મારે બસ છે. દેવી ફરીથી બોલી હે મહાનુભાવ ! દેવનું દર્શન નિષ્ફળ ન જાય માટે કાંઇક માગ. દેવપાલ કહે ચિન્તામણી રત્ન સરખી આ પૂજા મુકીને કાચના ટુકડા સમાન તુચ્છ અને ક્ષણિક એવા સંસારના સુખોની કોણ મુર્ખ ઇચ્છા કરે. આ પ્રમાણે ભક્તિમાંજ તલ્લીન બનેલો દેખી દેવીએ કહ્યું કે તું સાત દિવસમાં રાજા થઇશ, એમ કહી દેવી અદ્રશ્ય થઇ ગઇ. દેવપાલ પણ સ્તુતિ કરી ઘેર ગયો જીનદત્ત શેઠે ભક્તિભાવથી ખીર વડે પારણું કરાવ્યું આ બાજુ તેજ નગરના ઉદ્યાનમાં રહેલા દમસાર મુનિને કેવળજ્ઞાન થયું દેવોએ આવી કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો અને ઉદ્યાનપાલક આવી રાજાને વધામણી આપી. રાજા પણ હર્ષિત થઇ પોતાના મુગટ સિવાય સર્વ અલંકાર આદિ ઉતારી પ્રીતીદાન આપ્યું. ત્યારપછી રાજા પણ નગરજનો સહિત ધામધુમથી વંદન કરવા ગયો અને ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કરી રાજા આદિ પોતપોતાને સ્થાને બેસી ગયા અને કેવલી ભગવંત પણ દેશના આપવાનો આરંભ કર્યો

**चलालक्ष्मीश्चलाः प्राणा, श्चले स्वजनमन्दिरे ।**
**चलाचले च संसारे, धर्म एको हि निश्चलः ॥**

હે મહાનુભાવો ! આ સંસારમાં લક્ષ્મી વીજળીના ચમકારાની માફક ચંચળ છે. આયુષ્ય પાણીના પરપોટા જેવું અસ્થિર છે, સગાસબંધી પંખીમેળાની માફક ક્ષણવારમાં અદશ્ય થનાર છે. હવેલી, લાડી, વાડી, ગાડી, રાજસિદ્ધિના વૈભવો વિગેરે તેમાંની એક પણ વસ્તુ પરભવે સાથે આવતી નથી. અને નશ્વર એવા આ સંસારમાં ધર્મ જ એક નિશ્ચલ છે, કારણકે પરલોકમાં પ્રાણીની સાથે ધર્મ અને અધર્મ બન્ને જ સાથે આવે છે તેમાં અધર્મ અધોગતિમાં લઇ જનાર છે અને ધર્મ જ ઉચ્ચ ગતિમાં લઇ જનાર છે માટે ધર્મમાં જીવન જોડી આત્માનું અનંત સુખ પ્રાપ્ત કરવું. આવી રીતે ઉપદેશ આપી કેવલી ભગવંતે દેશના સમાપ્ત કરી. શ્રોતાઓ પોતપોતાને યોગ્ય નિયમો ગ્રહણ કરી ઘર તરફ વળ્યા, ત્યારે રાજાએ કહ્યું હે ભગવંત ! મારૂં આયુષ્ય કેટલું છે ? ભગવંતે કહ્યું ત્રણ દિવસનું. આ સાંભળી રાજા કહે હે ભગવંત ! વિષય સુખમાં મગ્ન બનેલ હું શી રીતે ધર્મ કરીશ અને દુર્ગતિમાં ચાલ્યો જઇશ આમ પશ્ચાતાપ કરે છે. ત્યારે ભગવંત કહે ;—

**प्रचितान्यपि कर्माणि, जन्मनां कोटिकोटिभिः ।**
**तमांसीव प्रभाभानोः, क्षिणोति समताक्षणात् ॥**

સૂર્યના કિરણો જેમ અંધકારનો નાશ કરે છે, તેમ કોટિભવોમાં કરેલાં કર્મોને સમભાવ ક્ષણવારમાં ભસ્મીભૂત કરે છે માટે શુધ્ધ આરાધનાથી ચારીત્રપાલન કરી આત્મકલ્યાણ સાધવું યુક્ત છે ત્યારે રાજા પણ બાર વ્રત વઇ રાજમહેલે આવી વિચારે છે આ રાજ્ય અને પુત્રી અત્યારે કોને આપું આ ચિંતામાં

મગ્ન બનેલો રાજા છે તે સમયે દેવી પ્રત્યક્ષ થઇ કહેવા લાગી રાજન! તું પંચદિવ્યને પ્રગટ કર અને હસ્તી જેના પર કળશ ઢોળે તેને તારી પુત્રી અને રાજ્ય આપજે આ સાંભળી રાજા સાવધાન થઇ પંચદિવ્ય તૈયાર કરાવ્યા આ દિવ્યવાણી આખા નગરમાં ફેલાઈ ગઈ. તેથી નગરના માણસો પણ રાજ્ય મેળવવાની ઇચ્છાથી સુંદર વસ્ત્રાભુષણ આદિ પહેરીને મુખ્ય રસ્તા ઉપર આવવા લાગ્યા અને ઇષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા. પરંતુ હસ્તીરત્ન તો નગરમાં ફરતો ફરતો દરવાજા બહાર નીકળ્યો ને નગરની પ્રજા પણ પોતાના ભાગ્યને નિંદતા પાછળ પાછળ ચાલે છે, હસ્તી પણ જ્યાં દેવપાલ પશુઓને ચરવા મૂકી એક વૃક્ષ નીચે બેઠો ત્યાં આવી તેના ઉપર કળશ ઢોળ્યો તે સમય વાજીંત્ર વાગવા લાગ્યાં ભાટચારણો બીરૂદાવલી બોલવા લાગ્યા અને નારીજનો મંગળગીત ગાવા લાગ્યા અને જય જય ધ્વનીથી ગગનમંડળ ગાજી ઉઠયું. ત્યારપછી દેવપાલને હસ્તિ ઉપર બેસાડી ધામધુમ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો તે વખતે જ રાજાએ મનોરમાની સાથે ગાંધર્વ વિવાહથી દેવપાલને પરણાવી ગાદી ઉપર બેસાડયો અને શિખામણ આપી રાજા ચારિત્ર લેવાને માટે તૈયાર થયો દેવપાલ રાજાએ પણ ધામધુમથી વરઘોડો કાઢયો અને અનુક્રમે ફરતાં ફરતાં ઉદ્યાનમાં આવ્યો સિંહરથ રાજા હસ્તિ ઉપરથી નીચે ઉતરી કેવલી ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી બે દિવસ સુંદર ચારિત્ર પાળી કાળ કરી ચારીત્રના પ્રભાવથી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. આ બાજુ મંત્રી આદિ વિચાર કરે છે કે કાલનો નોકર આજે રાજા થયો, પરંતુ બુદ્ધિ વિના કેવી રીતે રાજ્ય ચલાવશે માટે આ રાજા યોગ્ય નથી એમ વિચારી આજ્ઞા બજાવતા નથી, તેમ સન્માન પણ કરતા નથી. ત્યારે મુશ્કેલી ઉભી થવાથી સલાહ લેવા માટે રાજાએ પોતાના શેઠ જીનદત્તને બોલાવ્યા ત્યારે તે પણ અભિમાનથી આવ્યા નહિ. ત્યારે રાજા બહુ મુંઝાયો તેથી શાંતિ મેળવવા માટે નદી કીનારે આવી ઝુંપડીમાં પ્રવેશ કરી ભગવંતને નમસ્કાર કરી સ્તુતિ કરે છે. હે ભગવાન! પહેલાં મને શાંતિ હતી, પરંતુ આ રાજ્ય મળ્યા પછી મંત્રી આદિ વિરૂદ્ધ બન્યા છે તેથી મુંઝવણ ઉભી થઈ છે કે રાજ્યનું પાલન કેવી રીતે કરવું. માટે મારે રાજ્યની જરુર નથી ફક્ત આપના દર્શનની જ મને અભિલાષા છે, તેની અચળ ભક્તિ દેખી ચક્રેશ્વરી દર્શન આપે છે. અને પોતાના મૂખકમળમાંથી શબ્દરૂપ મકરંદ ઝરવા લાગ્યો કે હે પુત્ર તું ચિંતા કરીશ નહિ અને હું કહું તે પ્રમાણે તું કરીશ તો તારી મુશ્કેલી બધી દૂર થશે. માટે તું માટીનો એક હાથી બનાવરાવી તેના ઉપર તું બેસજે એટલે મારા પ્રભાવથી તે ચાલશે. આ જોઈ લોકો તારે અનુકૂળ થશે પરંતુ ભગવાનની પૂજાને તું ભૂલીશ નહિ કહીને દેવી અદ્રશ્ય થઇ ગઇ. રાજા પણ સ્તુતિ કરી નિશ્ચિન્ત થઈ મહેલે આવ્યો અને હોંશિયાર કુંભારોને બોલાવી સાક્ષાત હાથી જેવો એક સુંદર હાથી તૈયાર કરાવ્યો પછી સુંદર વસ્ત્ર અલંકાર આદિથી શણગારી રાજા તેના ઉપર બેઠો ત્યારે હસ્તી દેવીના પ્રભાવથી ચાલવા લાગ્યો નગરના મુખ્ય મુખ્ય રસ્તે ફરી નદી કીનારે આવી ભગવાનની સ્તુતિ કરી ફરી રાજમહેલે આવી નીચે ઉતરી રાજાએ મંત્રીને કહ્યું આ હસ્તિને આલાનસ્તંભે બાંધી દો. મંત્રી અંકુશ લઈ હાથીને સાંકળથી ખેંચે છે. પરંતુ માટીના પુતળાની માફક એક ડગલું પણ ચાલ્યો નહિ આ જોઇ લોકો આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે દેવનો પ્રભાવ હોવો જોઇએ તે સિવાય બનવું અશકય છે તેથી મનમાં ગભરાયા અને ભયથી રાજાની આજ્ઞા પાળવા લાગ્યા રાજા પણ ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરી રહેલ છે તે સમયે દમસાર કેવલી વિહાર કરી પૃથ્વીને પાવન કરતા કરતા ત્યાં પધાર્યા. ઉદ્યાનપાલકે રાજાને વધામણી આપી. રાજા હર્ષિત થઇ તેને સારું ઇનામ આપ્યું પછી રાજા નગરજનો સહિત ધામધુમથી વંદન કરવા ગયો. ત્યાં ત્રણ પ્રદક્ષિણા ફરી વંદન કરી યોગ્યસ્થાને સર્વ બેઠા ત્યારે ભગવંત પણ દેશના આપવાનો આરંભ કર્યો. (ક્રમશઃ)

(સંધાન પાન ૨૪ નું)

બિરાજમાન હોવાથી ચાતુર્માસની આરાધના સારી રીતે ધામધુમપૂર્વક થયેલ છે. કા. શુ. ૧૫ ના દિવસે માણેકચોકવાલાઓ તરફથી ચાતુર્માસ બદલવામાં આવેલ. સકલસંઘ ધામધૂમપૂર્વક બેન્ડ વાજા સહિત પટ દર્શન કરવા ગયેલ. મૌન એકાદશી સુધીની પ્રાયે સ્થિરતા છે.

# આરોગ્ય અને ધર્મ—

: લેખક :
ડૉ. ભોગીલાલ ફકીરચંદ ગાંધી

"પહેલું સુખ તે જાતે નર્યા" આ કહેવતમાં જીવનનું તત્વજ્ઞાન રહેલું છે. મનુષ્ય પાસે અઢળક સંપત્તિ હોય, ભોગોપભોગના અનેક સાધનો હોય. છતાં જો શારિરિક આરોગ્ય સારૂં ન હોય તો દરેક સુખનો આનંદ માણી શકવો અશક્ય છે. જૈન ધર્મના અનુષ્ઠાનોમાં વ્રતો એવી રીતે ગોઠવેલા જોવામાં આવે છે કે તંદુરસ્ત રહી સંસારિક વ્યવહારીક અને ધાર્મિક સુખનો લાભ મેળવી પોતાનો કાળ ગુજારી કર્મક્ષય કરી શકે છે.

આ ઉચ્ચ આશયથી ઉપવાસ આયંબીલ આદિ વ્રતો કરવાનો રિવાજ જોવામાં આવે છે ખોરાકથી દેહની ખરાબી થઈ હોય તથા મન મલીન થયું હોય, તે દૂર કરવા માટે તપશ્ચર્યાની ખાસ આવશ્યકતા છે સાદાઈમાં સંતોષ ન માનતાં અન્ય તરફ નજર કરી ફેશનમય જીવન જીવવામાં, વધારે પડતુ ખાવામાં વધારે પડતા સ્વાદ લેવામાં, વિષયા રસમાં લપટાઈ માલમલીદા ઉડાવવામાં, બીજાના જેવા બંગલા ગાડી ઘોડા મોટર વિગેરે મેળવવામાં, દેખાદેખી કરી નાટક ચેટક, તમાસા આદિ દરેક પ્રવૃતિમાં મશગુલ બની માણસ પોતાના જીવન તરફ જરાપણ વિચાર કરી શકતો નથી આ તેની નરી મુર્ખતા જ છે.

તેનો ચેપ એવો જબરો છે કે જ્યારે ઝેરી રોગનો ચેપ એના દરદીને અથવા નિકટ રહેનાર વ્યકિતને જ અસર કરે છે, ત્યારે આ ચેપ તો સૌ કોઈને ફસાવે છે. તેમાંથી બહુજ વિરલા પુરુષો બચી શકે છે અને જે બચે છે તે જ ચારિત્ર્યવાન બની શકે છે. ખોરાક સાત્વિક રહેણી કરણી સાદી અને સદ્વર્તનવાળી હોય તો તેનો સ્વભાવ બીજાના કરતાં ઉચ્ચ કોટિનો નજરે તરી આવે છે.

વ્રતોમાં માત્ર ઉન્હુ પાણી લેવાની જે વિશિષ્ટતા તેમાં પણ આરોગ્યદૃષ્ટિએ એક ખુબી છે. ગરમ પાણી પીવાથી ઘણાં ફાયદાઓ છે જીર્ણ જામી ગયેલા રોગમાં ગરમ પાણી વખતોવખત પીવાથી લાંબે કાળે આરામ થાય છે. આંતરડાની હીલચાલ એટલે સંકોચાનું અને પચાવની ક્રિયાને મદદ કરે છે.

વ્યસનથી જેમ બને તેમ દૂર રહેવું. વ્યસન માત્ર ધીમે ધીમે બગાડે છે, તેમાં પણ તંબાકુનું વ્યસન તો ઝેર છે. તંબાકુ ખાવામાં, પીવામાં સુંઘવામાં, દાંતે ઘસવામાં, વિગેરે આદિ કાર્યોમાં જ્યાં જ્યાં ઉપયોગ થાય છે તે હાનિકર્તા જ છે અંતઃકરણને નબળુ પાડનાર તંબાકુ જેવું બીજું એકે ઝેર નથી. ઉપરાંત અજીર્ણ થવામાં પણ મદદગાર બને છે, સારામાં સારા ડૉકટરોએ પણ તંબાકુનો સખતમાં સખ્ત વિરોધ દર્શાવેલ છે.

બ્રહ્મચર્ય પાળનાર અને જેમ બને તેમ વીર્ય રક્ષણ કરનાર પુરૂષ તથા રજરક્ષણ સ્ત્રીનું શારિરીક બળ, મનોબળ, બુદ્ધિબળ, નૈતિકબળ, અડગપણુ, એ છાનાં રહેતાં જ નથી. એનો અન્ય ઉપર એવો પ્રભાવ પડે છે કે સામો માણસ બ્રહ્મચારીના તેજમાં અંજાઈ જાય છે.

બ્રહ્મચર્યથી તંદુરસ્તી અને આયુષ્યની વૃદ્ધિ આપોઆપ થાય છે જૈનશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં, આયુષ્યનું પ્રમાણ શ્વાસોશ્વાસ ઉપર છે એટલે સંભોગના સમયે શ્વાસોશ્વાસ વિશેષ પ્રકારે ચાલે છે.

બેહત બારા ચલત અઢારા સુતે બીત્રીસ
મૈથુન કરતાં ચોસઠ ચાલે એમ કહે જગદીશ

જેનું જીવન અસંયમી છે તેનું આયુષ્ય ટૂંક સમયમાં સમાપ્ત થઈ જાય છે. યોગી પુરૂષોના આયુષ્ય સવિશેષ પ્રમાણમાં દ્રષ્ટિગોચર થાય છે તેનું એક જ કારણ છે તેમના જીવનમાં ધ્યાનસ્થદશા અને સંયમીપણું મુખ્યત્વે ભાગ ભજવી રહેલ છે શારીરિક શકિત માટે પણ બ્રહ્મચર્યથી અધિક જડીબુટ્ટી કે ઉપાય નથી.

નામ તેનો નાશ અવશ્ય છે. કાળરાજા સૌ કોઈને ભક્ષણ કરી જાય છે. કાળથી કાયમને માટે કોઈથી બચી શકાતું નથી. પરંતુ શરીર સરંક્ષણના નિયમો પાળવાથી શરીરની સ્થિતિ સચવાય છે પરાણે અથવા અજાણતાં પેદા કરેલ વ્યાધિ ઉપાધિથી બચાય છે કુદરતી પોરણે જે કાલે જે રીતે પંચત્વને પમાય છે તે સુખકર છે. શરીર પડે તેને માટે હર્ષ શોકનું કારણ નથી. પણ આપણી ભૂલથી પોતાની મેળે મનુષ્યાવતારમાં દેહનો હાથે કરીને નાશ કરી મુક્તિ પણ મેળવવાની તક ગુમાવી નંખાય છે. તેના માટે આધ્યાત્મિક સિદ્ધાંતનો આશ્રય છે.

---

# શાસન સમાચાર—

## ડીસા રાજપૂરમાં નવા ચાંદીના રથનું શુભ મુહુર્ત

અહી રાજપુરમાં સં. ૨૦૧૨ ની સાલમાં પૂ. તપસ્વી મહારાજશ્રી રાજવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી ઉપધાન તપ કરાવવામાં આવેલ તે વખતે શ્રી રાજપુર સંઘે પૂ. મહારાજશ્રીની રૂબરૂમાં ઠરાવ કરેલ કે ઉપધાન તપ અંગેની આવતા ચડાવાની જે જે ઉપજ થાય તેનો રાજપુર ગામમાં નવો ચાંદીનો રથ બનાવવો. અમારા પુણ્યના ઉદયે તે ટાઇમે પ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજીના ઉપદેશથી તેમની સચોટ શૈલીથી ઉપજ ધારવા કરતાં ઘણી સારી થઈ. તેનો રથ સારામાં સારો લગભગ રૂા. ૨૫૦૦૦) હજાર આશરેનો બનાવવામાં આવ્યો છે. તેનું શુભ મુહુર્ત પૂ. તપસ્વી કાંતિવિજયજી તરફથી આસો સુદ ૧૦ રવિવારનું આવેલ તે દિવસે પૂ. પંન્યાસ મહારાજ સાહેબ સુંદરવિજયજી તથા પૂ. મહાયશવિજયજી જુના ડીસા પધારતાં તેમની હાજરીમાં સારામાં સારી રીતે મંગળમય વિજય મુહુર્ત કરવામાં આવેલ હતું. રથનું મુહુર્ત કરવા માટે ભગવાનને રથમાં લઈને બેસવાનો ચડાવો સાંડસા ચીમનલાલ રતનચંદભાઈ તરફથી રૂા. ૨૨૫.સવાબસો બોલાવીને આપવામાં આવેલ તથા સંઘમાં નવકારસી જમાડવાના રૂા. ૫૦૧) સાંડસા રતનચંદ સાકરચંદભાઈ તરફથી સારામાં સારી વ્યવસ્થા પૂર્વક જમાડવામાં આવેલ હતી.

તેમજ તે દિવસે સંઘમાં બીજી ઉપજ પણ સારી થવા પામેલ. તથા અઠાઈ મહોત્સવ અમુક ભાઇઓ તરફથી પૂજાઓ નોંધાવી, કરવામાં આવેલ હતો. પૂજાઓ ભણાવવામાં શા. અમૃતલાલભાઈ, ચુનીલાલભાઈ ચમનલાલભાઇએ સારો રસપૂર્વક લાભ લીધો હતો. અત્રે પૂ. મહાયશવિજયજી મહારાજ સાહેબ પોતાના ચાતુર્માસમાં શ્રી નવકારમંત્ર ઉપર સારો ઉપદેશ આપી સકલ સંઘને નવકારમંત્રનો જાપ ઘણાં ઉલ્લાસ પૂર્વક કરાવ્યો હતો. ગામમાં ધર્મભાવના સારી જાગ્રત થઇ છે. પૂ. મહારાજ સાહેબની તપસ્યાના પ્રભાવથી તથા નવકાર મંત્રના આરાધનથી રથનું વિજય મંગલ મુહુર્ત સારા ઉલ્લાસથી બેન્ડવાજા સહિત વરઘોડો ચડાવી કરવામાં આવેલ હતો.

## વડવાણ સીટીથી અમદાવાદ

અત્રે શાસન કંટકોદ્ધારક ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ આદિ ઠાણાઓ કાર્તિક વદિ ૩ ના વિહાર કરી અમદાવાદમાં શેઠશ્રી ચીમનલાલ મંગલદાસના સ્વર્ગવાસ નિમિત્તે તથા સાધ્વી શ્રી રંજનશ્રીજીના ૫૦૦ આયંબિલથી ઓળીઓના પારણા નિમિત્તે અઠાઇ મહોત્સવ તેમ (૨૫ છોડનું) ઉદ્યાપન થવાનું હોવાથી તે પ્રસંગ ઉપર લગભગ માગશર સુદમાં પધારશે.

**ખંભાત**—અત્રે શેઠ મુલચંદ બુલાખીદાસના ઉપાશ્રયે આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરિ તથા પંન્યાસ મહોદય સાગરજી ગણિવર્ય તથા પ. પૂ. મુનિશ્રી દુર્લભસાગરજી મ. તથા મુનિશ્રી ત્રૈલોકયસાગરજી મ. તથા મુનિશ્રી અશોકસાગરજી મ. તથા સાહિત્ય ભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી મ. આદિ ઠાણાઓ

( અનુ. પાન ૨૨ પર )

મુદ્રણ સ્થાન : અરુણોદય પ્રિ. પ્રેસ, સરદાર ટાવર પાસે, ખંભાત.

## ● અમારી સંસ્થાના માનદ્ પ્રચારકો ●

૧ શાહ નાનાલાલ હિરાલાલ એન્ડ કું૦
એડન કેમ્પ ( એરેબીયા )

૨ દાણી સેવંતીલાલ ચીમનલાલ
ઠે. ૪૦, બરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા-૭.

૩ શાહ જયંતિલાલ લલ્લુભાઈ દલાલ
ઠે. ૫૨, ચંપાગલી, મુંબઈ નં. ૨.

૪ શાહ બાબુલાલ સકરચંદ ( વિજાપુરવાલા )
C/o. શાહ બાબુલાલ રમણલાલ ટોપીવાલાની કું૦
ઠે. ધનજી સ્ટ્રીટ, બીજી અગીયારી લેન,
મુંબઇ નં. ૩.

૫ શાહ પ્રતાપરાય ડી શાહ ( થેરડીકર )
ઠે. ૭, બીજો ભોયવાડો, મુંબઈ નં. ૨.

૬ શાહ રજનીકાન્ત ગીરધરલાલ
ઠે. ૫૫, શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે,
મુંબઇ નં. ૩.

૭ દાણી રસિકલાલ ચીમનલાલ
ઠે. એમ. એમ. ઝવેરી, કૃષ્ણ નિવાસ,
ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૮ પ્રકાશચંદ્ર જૈન ( ગારીયાધારકર )
C/o ૮૦ કુંભારવાડા સ્ટ્રીટ, બીજી ગલી,
બીજે માળે, મુંબઈ નં. ૪.

૯ શ્રી ગણેશ પરમાર
ઠે. લ્હેરી મેન્શન, કૃષ્ણ ટોકીઝ સામે,
ત્રીજે માળે, મુબઈ નં. ૪.

૧૦ શાહ અમૃતલાલ સાકરચંદ
ઠે. ઝવેરીવાડ, આંબલીપોળ-અમદાવાદ.

૧૧ શાહ નાગરદાસ અમથાલાલ ( મહુંડીવાલા )
ઠે. ૨૧, જૈન સોસાયટી, એલીસબ્રીજ,
અમદાવાદ-૬.

૧૨ શાહ જયંતિલાલ નટવરલાલ
C/o. પોપટલાલ પુનમચંદ શાહ
મહાદેવવાળો ખાંચો, રીચીરોડ-અમદાવાદ.

૧૩ શાહ ચીમનલાલ રતનચંદ સાંડસા
(જી. બનાસકાંઠા) પોસ્ટ ડીસા રાજપુર.

૧૪ શાહ ચીમનલાલ રતનચંદ સાંડસા
ઠે. શાહપુરી પેંઠ, કોલ્હાપુર. ( મહારાષ્ટ્ર )

૧૫ શાહ પોપટલાલ પાનાચંદભાઇ
ઠે નવધરી, જી વડોદરા, ઉ ગુ. મુ. પાદરા.

૧૬ શાહ સોમચંદ પોપટચંદ, તમાકુના વેપારી
જી. ખેડા, મુ. પેટલાદ.

૧૭ શાહ મનુભાઈ મંગળદાસ
ઠે. માણેકચોક, મુ. ખંભાત.

૧૮ શાહ સુમનચંદ્ર હિંમતલાલ કાપડીયા
ઠે. ખારવાડો, મુ. ખંભાત.

૧૯ શાહ ફીરચંદભાઈ શીવલાલ કોઠારી
ઠે મહેતા પાનાચંદ ઠાકરશી જૈન વિદ્યાર્થી ભુવન
કુકડા પ્રેસ, સુરેન્દ્રનગર. ( સૌરાષ્ટ્ર )

૨૦ શ્રી સાગર ગચ્છ કમીટીની પેઢી
ઠે. શ્રી પદ્મપ્રભુ જૈન દેરાસર,
જી. અમદાવાદ, મુ. સાણસા.

૨૧ શાહ દલસુખભાઈ ગોવિંદજી મહેતા - સાણંદ

૨૨ શાહ કાંતિલાલ રાયચંદ મહેતા - આણંદ

૨૩ શાહ ન્યાલચંદ ડાહ્યાભાઇ
વાયા લીંબડી, મુ. શિયાણી.

卐

### 'બુદ્ધિપ્રભા'ને સહાયક થવાના પ્રકારો

| | |
|---|---|
| રૂા. ૨૫૧) આપનાર સભ્ય પેટ્રન મેમ્બર ગણાશે | રૂા. ૧૧) આપનાર પાંચ વર્ષના ગ્રાહક ગણાશે |
| રૂા. ૧૫૧) " " આશ્રયદાતા " " | રૂા. ૭) આપનાર ત્રણ વર્ષના ગ્રાહક ગણાશે |
| રૂા. ૧૦૧) " " આજીવન " " | રૂા. ૨.૫૦ ન.પૈ. આપનાર વાર્ષિક ગ્રાહક ગણાશે |
| રૂા. ૫૧) " " શુભેચ્છક " " | |



વ્યવસ્થાપક: ચીમનલાલ અંબાલાલ ચોકસી



વ્યવસ્થાપક: શાહ શાંતિલાલ અંબાલાલ



[illegible] હિંમતલાલ હીરાલાલ



વ્યવસ્થાપક: પંડીકલાલ ચમનલાલ ચોકસી